Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ઓરૂમ્ ॥

ધર્મગ્રંથ ને ધર્મગુરુ

(એક વ્યાખ્યાત્મક નિરૂપણ)

લેખકઃ
પૂજ્યપાદ સ્વર્ગીય સ્વામીશ્રી
શંકરાનંદજી મહારાજ
અને
ઉમેશ કવિ

નિહાળીએ નિર્ભય બન્ધુભાવથી
અમે બધાંને, અમને ય એમ સૌ;
પરસ્પરે મંગળ મિત્રદૃષ્ટિ હો !!
(વેદમંત્રાનુવાદ)

પ્રાપ્તિસ્થાનઃ
યાજ્ઞિક શાંતિલાલ ઓંકારજી
(મંત્રી, હિન્દુસભા, ભાવનગર)

કિં. ૦-૮-૦
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ... 631/42

पंजिका-संख्या 29484 30.10.2009

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है । कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ओ३म् ॥

ધર્મગ્રંથ ને ધર્મગુરુ

(એક વ્યાખ્યાત્મક નિરૂપણ)

સ્ટાક પ્રમાણીકરણ ૧૧૮૪-૧૧૮૬

પૂજ્યપાદ સ્વર્ગીય સ્વામીશ્રી
શંકરાનંદજી મહારાજ
અને
ઉમેશ કવિ

ગુરુકુલ કાંગડી
ક્રમાંક નં. 6271/42
આગમ નં. 29884
તિ. 30.10.2002
ગુરુકુલ ગ્રન્થાલય કાંગડી.

નિહાળિએ નિર્બંધ બન્ધુભાવથી
અમે બધાંને, અમને ય એમ સૌ;
પરસ્પરે મંગળ મિત્રદૃષ્ટિ હો !!

(વેદમંત્રાનુવાદ)

CHECKED 1973
Initial

તા. ૨૨મી ડિસેમ્બર ૧૯૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાપ્તિસ્થાનઃ

યાજ્ઞિક શાંતિલાલ ઓધવજી

(મંત્રી, હિન્દુસભા, ભાવનગર)

પ્રથમ મુદ્રણ

માર્ગશિર્ષ ૨૦૦૨

©

સર્વ સ્વત્વ પ્રકાશક હસ્તક

પ્રકાશકઃ

ઉમેશ બ વિ

કૃષ્ણનગર

ભાવનગર

મુદ્રકઃ

શાંતિલાલ છો. પારેખ

શ્રી સરસ્વતી છાપખાનું

ઢાણુપીઠ : ભાવનગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પ્રાસન્નય માધુર્ય ને સુજનતાની સૌરભે
સ્મૃતિ અજવાળતા, મૂંગા ને છાના
ધર્મગૌરવી સ્વર્ગીય ઓધવજી કાકાને—

વિનીત
ઉમેશ કવિ

પુસ્તકાલય
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્તાનાં અન્ય પુસ્તકો

સાવધાન ! રૂા. ૨)

(રાષ્ટ્રીય સમાલોચન)

બીજું સંસ્કરણ

પૂજ્ય સ્વામી શ્રી શંકરાનંદજી
મહારાજનાં 'આદ્યવચન' સહિત

ઘરકૂકડી (પ્રથમાવૃત્તિ) રૂા. ૧॥=

(એકરથલાંકી નાટક)

આચાર્ય રામનારાયણ વિ. પાઠકના
'પ્રવેશક' સહિત

પસલી (રાસગીતો) રૂા. ૦॥।

વારસ (ટૂંકી વાતો) રૂા. ૨॥

પ્રગટ થવામાં

સ્વામીજી (ચરિત્ર)
વૃષલ (ત્રિઅંકી નાટક)
ઉડ્ડયન (કાવ્યસંગ્રહ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

૭૬ વર્ષના જીવનમાં શેષશ્વાસ સુધી આર્યસંસ્કૃતિની ઉન્નતિ તથા પ્રાણ પ્રતિષ્ઠા માટે જે મહાનુભાવ આત્માએ અણુનમ પ્રયત્નો દ્વારા, ભુલાયેલાં જ્ઞાનશીલનાં મહાત્મ્ય ગાઈ માનવતાનાં સુખશાંતિમાં પોતીકા હિસ્સો પૂર્યા કર્યો છે; તેવા આર્યસન્યાસી માર્ગદર્શકની આ પુસ્તિકા છેલ્લી પ્રસાદી છે. વિદાયસંદેશ શો. આ લેખ દેહોત્સર્ગ પહેલાંના પખવાડિયામાં લખાવેલો છે.

સ્વામી શ્રી. શંકરાનંદજી મહારાજના જીવન વિષે હિન્દીમાં તો બે ચરિત્ર-ગ્રંથો છે. જીવનના બહુમૂલાં ૫૬-૫૭ વર્ષો જ્યાં રહી તથા આવીને ગાળ્યાં-ગુજર્યાં તે ગૂજરાતની પોતાની ભાષામાં એમના ઓજસ્વી જીવનને મેં ગૂથવા માંડેલું. તે થોડું લખેલું વંચાવવાનું, થોડું ત્યાં રહીને લખેલું સંભળાવી સુધારી લેવાનું જ જેમાં બન્યું, જે આખરી મેળાપ થઈ પડ્યો તે થોડા દિવસો ત્રણ અઠવાડિયાં થયાં હું વીરપુર હતો. જે કામ તથા નેમથી હું તેમના નિવાસ તથા પરલોકવાસ સ્થાને-વીરપુર પહોંચી ગયો હતો. તે કામ તથા સમય તેઓશ્રીનાં આખરી સેવા તથા સાન્નિધ્ય પામવામાં પલટી ગયાં. અલબત્ત મારી તો એ પણ ઝંખના હતી, પરંતુ આટલી વહેલી તો હરગીજ નહિ. તેઓશ્રીનાં હયાતી તથા હાજરીનાં મૂલ્યમહત્ત્વની ખોટ તો આફ્રિકા ઇંગ્લેંડ જેટલે છેટે બેઠેલા તેમના શિષ્યો સ્નેહી પ્રશંસકો તથા અનુયાયીગણ અને એમ સારું આર્યજગત અનુભવી રહ્યું છે એનો હું સાક્ષી છું.

ગયો ત્યારે સાજાસારા હતા. એકાંતરિયા તાવની ૭ પાળીની ટૂંકી સામાન્ય છેતરામણી માંદગી રહી. ૪૭ના ૨૨મી ડિસેમ્બરની વહેલી સવારે જીવન સંકેલી લીધું.

આ લેખ તેઓશ્રી તાવમાં પટકાઈ પડ્યા પહેલાંના ચોથે દિવસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગભગ ૪થી ડિસેમ્બરે મારી સાથે લખાવી તૈયાર કરાવ્યો હતો. તથા આર્યપ્રકાશને (સાપ્તાહિક) મોકલ્યો હતો. એ પત્રે એક ખાસઅંક માટે બીજા વિદ્વાનો સાથે સ્વામીજી મહારાજને પણ એક પરિપત્ર દ્વારા નોતરેલા. લેખને બની શકે તો પુસ્તિકાકારે છાપી તેની ૫૦૦ નકલો ખર્ચવડિયાં મોકલી દેવા પણ તે પત્રને તેઓશ્રીએ સૂચવેલું.

આ લેખ તે ખાસઅંકમાં લેવાયાનું કે તેની અલગ પુસ્તિકા છાપી આપવાનું કેમ ન બની શકયું તે હું જાણતો નથી.

એ લેખ મારી પાસે તૈયાર કરાવેલો. તેની નકલ મારી પાસે હતી જ, એમ અલગ પુસ્તિકારૂપે પ્રકટ થવો સાર્થ જ લાગશે. એને સમજી સોચી તેનો સત્યાર્થ સ્વીકારીએ એ જ એવા મહાનુભાવો પ્રત્યેનું સાચું તર્પણ.

મારું લખી રાખેલું ગૂજરાતી જીવનચરિત્ર (સ્વામીજી) તથા યુરોપ આફ્રિકા ખાતે આપેલાં પૂ. સ્વામીજી મહારાજનાં અંગ્રેજી પ્રવચનોનાં પ્રકાશન અમારે મોંઘવારી સમયે મોકૂફ રાખવાં પડ્યાં છે. તદ્‌વિષયક પૂછપરછ થતી રહે છે તે સ્વામીજી મહારાજના સ્નેહી પ્રશંસક અનુયાયીઓ એવી ઢીલ માટે મને ક્ષમા કરે. સમય તથા સ્થિતિને વશ રહી હું બનતી તાકીદે એ બધું પ્રકટ કરવા ખૂબ જ આતુર છું.

પ્રવચનો પાંત્રીશ–ચાલીશ વર્ષો પૂર્વે અપાયાં છે છતાં હજી પણ એ દૂરંદેશી માનવહિતભાવી સન્યાસીનું ઉદ્‌બોધન એટલું જ અદ્યતન ને ઉપયોગી તેમજ સમયોચિત રહ્યું છે એવાં ત્રિકાલાબાધિત માનવવિજ્ઞાનનું આ ભાષણોમાં થયેલું મૂલ્યાંકન અભૂતપૂર્વ છે. એકજ પુસ્તકમાં આર્યસંસ્કૃતિનું આટલું બહુમાન તેમજ ગાન, આટલો સંક્ષિપ્ત છતાં વ્યાપ્ત પરિચય, ને આવો સર્વતોભદ્રીય તેમજ સરલ ખ્યાલ હજુ સુધી જોવા–વાંચવા મળ્યો નથી.

પૂજ્ય સ્વામીજીનાં સ્મારક માટે જાહેરાતો તથા ફાળા, હિલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલો થયાં કર્યાં છે. જીવનનું સાર્થક જનસર્વસ્વના કલ્યાણ નિમિત્ત યથાશક્તિમતિ ઝૂઝીને જીવી જનારને જીવતે જીવ લાધી જ રહે છે. પાછળનાં સ્મારકો તેમનાં જીવનવૃત્તને વહેતાં રાખે તેવાં થઈ પડે તો અલબત્ત એ હંમેશાં આવકારદાયી છે. છતાં સ્મારકો બિચારાં કાળદેશ તથા પરિસ્થિતિને આધીન છે. (વંદનીય સુભાષબાબુએ સોનાનમાં ઊભું કરેલું આઝાદ હિન્દી સેનાના અનામી સૈનિકનું સ્મારક ઊભું થયા પછી ત્રીજે જ દિવસે ઊડાડી મૂકાયું) ઈંટપત્થરનાં એવાં સ્મારકો ભલે થોડા દસકા સૈકા ટકે બાકી તો સંસ્કારમાં ઓતપ્રોત થઈ શકતાં જ્ઞાનદ્વારા શુભકર્તવ્યો રૂપે માનવીને સાંપડી રહેતું સ્મારક તેને જન્મજન્માંતરો સુધી મુક્ત તથા જુક્ત રાખી રહે છે. એનાં બી બળી ગયાં હોત તો આજની આવી સ્વાતંત્ર્ય-પ્રવૃત્તિનાં ઓસાણ કે સોણાં શેનાં હોત ?

છતાં તેવું કશું થાય એવી ચાહના સાથે આગામી પ્રવચન ગ્રંથનું પ્રકાશન પણ સંબંધ ધરાવે છે. સ્વામી શ્રી. શંકરાનંદજી મહારાજની સાચી ને પૂરી ઓળખ તો એ ગ્રંથ વાટે જ થઈ શકશે. ને સ્મારક પણ. માત્ર હિન્દુસ્થાન જ નહિ પણ હરકોઈ વિશ્વજનને એ એક જ પુસ્તકમાં માનવતા તથા તેનાં જ્ઞાનવિજ્ઞાન ઉપાંગોનું સાર્વત્રિક દોહન તેમ જ દૃષ્ટિબિન્દુ સાંપડી રહે તેવું બધું એમાં છે.

આર્યગૌરવી શેઠ શ્રી નાનજી કાળિદાસભાઈ એ ગ્રંથના પ્રકાશનમાં સહાય કરનાર છે.

સર્વાંગિણ સ્વદેશીની ભાવનાના વૃક્ષ જેવા આયધર્મના વજ્રસંસ્કારોને મૂળમાંથી સ્ત્રી-શિક્ષણથી પરિશુદ્ધ, પુનરુદ્ધારિત કરવાની લગની તથા પ્રવૃત્તિઓથી ભર્યા-ભર્યા રહેતા શેઠ સમા વાલી ધનિકો તથા તેની પૂર્તિ સમાં તેમનાં સંતાનોની સેવા પણ આફ્રિકા જેટલે પહોંચીને વેદઘોષ કરનારા પૂ. સ્વામીજી સમાની સાધુતાનું જ પરિણામક છે. તેનો યત્કિંચિત્ પડઘો જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભલે વિદેશ ખેડતા હર હિન્દીને સાચી જીવનકલા સહજ હશે. છતાં હિન્દુઓનાં વર્તમાનકાલીક ધર્મ તથા સમાજજીવનની વ્યવહારદૃષ્ટિ તેવા સહુ કરતાં આફ્રિકાથી આવતા હિન્દુમાં તો સાચી રીતે ખીલી ઊઠી જોવા મળે છે જ.

એવી સનિષ્ઠા તથા દેશસેવાની સરખામણીમાં એમનું તો આ મિત્રકાર્ય જ થઈ પડશે. પૂ. સ્વામીજી મહારાજને હૈયે તેમને માટે તેમજ તેમના કુટુંબ પ્રત્યે આત્મીકભાવ તેમ જ મમત વસ્યાં હતાં.

પોતાને ગુલામ ટેવતા તથા માનતા થઈ પડેલા આ દેશમાં જ માત્ર નહિ પણ ધણી થઈ બેઠેલી પ્રજાને આંગણે સુદ્ધાં તેમને ખૂંચ્યે ચોંકાવ્યે ગયેલો જે આર્યસન્યાસી "સ્વતંત્ર જીવન"ના હિન્દુ નમૂના જેવું જીવી ગયો અને ઉન્નત મસ્તકે નિર્ભય પ્રાણે આર્યાવર્તના પુનિત સંસ્કારને પ્રસારી ગયો તેની બીજી સંવત્સરી નિમિત્તે આ પુસ્તિકા પ્રગટ થઈ શકયાનો મને થોડો કરાર છે.

માનીએ તો આયાત કરેલા થોડા નિષ્ણાતો જ (ટેકનિશ્યનો) ગણાય કે થઈ રહે તેટલા ને તેવા વિદેશીઓને હાથે જઈ પડેલો દેશનો કારભાર (ઘરમાં લગ્નસરા કે બીજા એવા પ્રસંગે જેમ આપણે સુખડિયા, સઈ, કે સુતારો રોકીએ બોલાવીએ છીએ–તેમ આ દેશમાં સ્વાયત્ત તથા સ્વતંત્ર વહીવટ તેમજ રૂઢ જડ લુપ્તપ્રાય થઈ પડેલાં જ્ઞાનવિજ્ઞાન વિદ્યાકલાની માહેતી તથા કસણી અર્થે જ એ બધાને આયાત કરેલા શું કામ ન ગણીએ!) પુનઃ સમાલી લેવાની અત્યારની રાષ્ટ્રીય મથામણો વેળા–ભારતનું પુનરૂત્થાન આર્ય-સંસ્કૃતિના પ્રાદુર્ભાવ જ જેમનાં સમગ્ર જીવનનું એકમાત્ર ધ્યેય તથા સુખ હતા તેવા આત્માની મનોકામનાને સફળ પરિણામકારી અંતે પહોંચતી–નિકટ ને નિકટ આવી રહી લાગતી વેળાએ તેમને પગલે પળવાનું બળ આપવા પ્રાર્થી વિરમું છું.

ઉમેશ કવિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામીજી

[એક રૂપરેખા]

સ્વામી શ્રી. શંકરાનંદજી આપણી વૈદિકસંસ્કૃતિના એક પરમ અને પ્રખર ઉપાસક તથા ઉદ્ધારક હતા. આર્યત્વનાં પ્રાણપ્રતિષ્ઠા તથા ઉત્કર્ષ માટે નિષ્ઠાભરી ઊલટ ધરાવતા તેઓશ્રી એક આંતરરાષ્ટ્રીય હિન્દી સપૂત હતા.

૨૯ વર્ષની જુવાન અવસ્થાએ સુષુપ્ત આર્યજાતિ સંસ્કૃતિ તથા ધર્મના ઉત્થાનને પોતાનું જીવનવ્રત (Mission) બનાવી મૃત્યુ સમયના ૭૬ વર્ષની છેલ્લી પળો સુધી તેઓશ્રી આર્યાવર્તના પ્રાચીન સ્વાતંત્ર્ય તથા સમૃદ્ધિના પુનરુદ્ધારાર્થ ઝૂઝયા હતા.

પૂર્વાશ્રમના લાહોરના એ પંડિત શંકરાનાથજીએ બાલવિવાહાદિ સામાજિક સુધારણાના ક્ષેત્રથી શરૂઆત કરી હતી. 'સ્વદેશી'ની હિમાયત માટે દેશમાં ઘૂમી જેમણે ૧૮૯૨થી છેક ભંગભંગ સુધીનાં વર્ષોમાં સર્વાંગીણ સ્વદેશી વ્રતના મહાત્મ્ય-મહત્ત્વ અને ધર્મ ધારવા હાકલ પાડી હતી. 'સ્વદેશી વસ્તુપ્રચારક' પત્ર ચલાવ્યું હતું. પોતે આજીવન સ્વદેશી વ્રતધારી હતા.

મૃતપાય થયેલી શ્રી નાગરી પ્રચારિણી સભાને એમણે સજીવન કરી હતી. જે સંસ્થાએ આજે પોતાની સુવર્ણ જયંતિ ઊજવી પોતાના એ ઉદ્ધારકને અંજલિ આપી છે.

એ પછી વિશ્વશાંતિ પરિષદમાં હાજરી આપવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓશ્રી ઇંગ્લેંડ માટે ઊપડી ગયા હતા. અને એ પછી યુરોપ આફ્રિકા અને સિલોનની યાત્રાઓ દ્વારા અભૂતપૂર્વ વેદપ્રચાર સાધ્યો હતો. આફ્રિકા ખાતે તો સદ્‌ગત સ્વામીજી મહારાજે આ યુગની સર્વપ્રથમ હિન્દુ મહાસભા સ્થાપી તેના બે અધિવેશનો પણ ભર્યાં હતાં તથા પ્રવાસી હિન્દુઓમાં પ્રાણ સીંચ્યા હતા. તે પછી હિન્દમાં હિન્દુઓની હિતરક્ષા માટે હિન્દુ નેતાઓના આગ્રહથી, ત્યાંનું કામકાજ સમેટી પોતે અહીં પાછા ફર્યા હતા. અત્યારની અખિલ હિન્દ હિન્દુમહાસભાની સ્થાપનામાં તેમણે પ્રેરણા તથા સહાય કર્યાં હતાં.

પોતાનાં અપ્રતિમ બુદ્ધિપ્રતિભા–ચાણાક્ષતાથી, સત્યની નિર્ભીક ઉપાસના અને જીવનકલાથી અદ્‌ભુત વિદ્વતાથી (આઠ જેટલી ભાષાઓના તેઓ પંડિત હતા) તેઓશ્રીએ હિન્દની જ નહિ ચરમ માનવાતાની સેવાનું એક આર્ય-સન્યાસીનું બિરદ પાળ્યું હતું.

ગુજરાત કાઠિયાવાડ તથા મધ્ય હિન્દના રાજામહારાજાઓ તેમને પોતાના ગુરૂ માનતા હતા. તેમની દોરવણી તથા માર્ગદર્શન પામતા હતા. હિન્દુઓના સર્વતોગ્રાહી હિત માટે તેમના સમા તપસ્વી માર્ગદર્શકની ખોટ અત્યારે તો ન પુરાય તેવી પડી છે. પરમાત્મા તેમના બલવાન આત્માના સંદેશને પાર પાડવાની હિન્દુઓને સન્નિષ્ઠા અર્પે એ જ તેમના આત્માની સાચી શાંતિ છે.

અસ્તુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મગ્રંથ

લે. પૂ. સદ્. સ્વામી શ્રી શંકરાનંદજી મહારાજ

થોડા દિવસથી સ્વામી શ્રી. દયાનંદજી વિરચિત "સત્યાર્થપ્રકાશ"ના ચૌદમા સમુલ્લાસ કે જેમાં બીજા જેમ ઇસ્લામી મજહબની માન્યતાઓની પણ સમીક્ષા કરવામાં આવી છે. તે હિન્દી સરકાર મારફત જપ્ત કરવાના સૂર સિંધમાં પાકીસ્તાની સરકાર સ્થપાતા વેંત જ સહુ પહેલાં નીકળ્યા. તેથી આખા હિન્દમાં ઉહાપોહ થવાને લીધે સિંધ સરકારે એ વાત પડતી મૂકી. ત્યારપછી હાલમાં દિલ્હી ખાતે ભરાયેલી મુસ્લીમ–લીગની કારોબારીએ તેના સંબંધે હમણાંજ એક ઠરાવ પસાર કર્યો છે.

કેટલાક મુસ્લીમ આગેવાનો એમ પણ બોલવા લાગ્યા છે કે "સત્યાર્થ–પ્રકાશ" હિન્દુઓનો ધર્મગ્રંથ નથી. ધર્મ–ગ્રંથ કોને ગણવો તે વાતનો નિર્ણય કરતાં પહેલાં ધર્મની વ્યાખ્યા થવી આવશ્યક છે.

હાલના કહેવાતા અને મનાતા ધર્મો તે ધર્મો નથી પણ રિલિજ્યન, મજહબ, સંપ્રદાય, મત તથા પંથો જ છે. કે જે અમુક મનુષ્યોના જન્મ થયા પછી અમુક વખતમાં તેમની પોતાની માન્યતા પ્રમાણે તે તે દેશકાળમાં વસતા મનુષ્યોની વસ્તુપરિસ્થિતિમાં પરિવર્તન લાવવા માટે જે બોધવામાં આવેલ તેની નોંધવહીઓ જ છે. એ ચોપડીઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે તે પુરુષોના વિચારો તથા બોધનો સંગ્રહ કરી લેવાયો ને તેમના અનુયાયીઓએ ધર્મગ્રંથ તરીકે અપનાવી લીધો. જેમકે યહૂદીઓનુ તોરત, ઈસાનું બાઈબલ, મહંમદનું કુરાને શરીફ, બૌદ્ધનું ત્રિપિટક, જૈનોનું કલ્પસુત્ર, સ્વામીનારાયણનું શિક્ષાપત્રી, શીખોના ગ્રંથસાહેબ, કબીરજી તથા દાદુજીની વાણી વગેરે તે તે પંથપ્રવર્તકોએ પોતાના જ મતપંથને માનવાથી મુક્તિ કે નજ્જત મળે છે, તથા મુવા પછી અમુક જગ્યાએ પહોંચી, અમુક પ્રકારના સુખો ભોગવવાનું વર્ણવેલ છે. અને જે લોકો તે મતવાળા કે પંથને નહિ માનતા હોય તેઓને ત્યાં દાખલ કરવામાં નહિ આવે તેમ માન્યું છે.

એ મતપંથ માનનારાઓમાંના થોડા ઉધમાતિયાઓ બીજાઓને સમજાવી બુજાવી લોભ–લાલચ આપી અથવા કોઈ વખતે તો જૂલ્મ–સખ્તી વાપરીને પણ પોતાના પંથમાં લાવવા પ્રયત્ન કરે છે. અને ઘણીક વાર તો તેમની વાત નક બૂલનારને દુનિયાની હસ્તિ પરથી મિટાવી દેવામાં પણ પોતાના મતપંથની સેવા કરેલી માને છે.

સંસારનો ઈતિહાસ વાંચવાથી જણાઈ આવશે કે યહૂદિઓએ ઈસાઈઓ ઉપર કેવા જૂલ્મો કરેલા. કેથોલિક ચર્ચના ખ્રિસ્તીઓએ પ્રોટેસ્ટંટ ચર્ચવાળા તેમના ખ્રિસ્તી ભાઈઓ ઉપર કેવા જુલ્માટો કરેલ તેનો દાખલો હિન્દુસ્થાનમાં જ મોજૂદ છે. પોર્ટુગિઝોએ ગોવા વગેરેમાં જેવી રીતે ખ્રિસ્તધર્મનો પ્રચાર કરેલ તે યાદ કરતાં કંપારી છૂટે છે.એવી જ રીતે પ. મહમદ સા.ના ગાદીનશીનોએ એશિયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માઇનર–ઈરાન–ઈરાક વગેરે પ્રદેશો અને હિન્દમાં જે ઇતિહાસ પ્રસિદ્ધ અવર્ણનિય જૂલ્મ ગૂજારેલ છે તે સર્વવિદિત છે.

અત્યારે દોઢસેંહ વર્ષોથી અંગ્રેજી રાજનો અમલ ચાલતાં છતાં પણ મુસલમાની રજવાડાઓમાં હિન્દુ પ્રજા પ્રત્યે જે અન્યાયપૂર્ણ વર્તાવ ચલાવવામાં જ આવે છે તે તો કોઈપણ સજ્જનના હૃદયને ક્ષુબ્ધ કરે તેમ છે. પણ હાલમાં જે જે લીગી સરકારો સ્થપાઈ છે ત્યાં ગેરમુસ્લીમોના હકકો નાબૂદ કરવા અને મુસલમાનોને પોષવા માટેનાં જે કાવત્રાંઓ થઇ રહ્યાં છે તે પણ બનાવી આપે છે કે મુસલમાની મજહબનું શિક્ષણ ગેરમુસ્લીમો માટે કેટલું બધું સંકુચિત, દ્વેષી તથા ભય અને હાનિકારક છે. સંકુચિતતા તો હિન્દના બીજા હિન્દુ સંપ્રદાયોમાં પણ ઓછી નથી (કે જેનું પણ બ્યાન "સત્યાર્થ પ્રકાશ"માં સમીક્ષા રૂપે કરવામાં આવેલ છે) પણ તે વિશાલ, સહનશીલ અને અહિંસક વિચારોથી પ્રેરાયેલા હોઈ બીજા સંપ્રદાયો પ્રત્યે એટલા બધા ભય તથા હાનિકારક નથી. હા જાતીય ઉન્નતિ તથા એકતા માટે તો પ્રતિબંધક છે જ.

ધર્મ તો સમગ્ર માનવજાત માટે સર્વસમયસ્થલાનુકૂલ, નૈસર્ગિક અને પ્રભુતાપૂર્ણ હોઈ શકે. સમગ્ર માનવજાતીની પ્રત્યેક સ્થિતિ તથા ભૂમિકાનું ક્રિયાત્મક તત્ત્વજ્ઞાન એટલે ધર્મ. ચિરંતન માનવતાનું વિજ્ઞાનમય સાર્વભૌમ નિરૂપણ જ ધર્મ કહેવાય. ટૂકામાં ધર્મ તો માનવજાતિનો સર્વાંગણ સક્રિય તત્ત્વબોધ છે. જેમાં તત્ત્વતઃ કોઈપણ દેશજાતી કે કાલવિષેપનો ભેદભાવ હોઈ શકે નહિ. ને માનવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૃષ્ટિ સાથે ઉદ્ભવેલ હોઈ શકે. સૃષ્ટિ ઉત્પન્ન થયા પછી વખતોવખત અપાયેલ જૂદી જૂદી જાતનો બોધ એ તો માનવી કલ્પના જ હોઈ શકે. કારણ કે સરકારી કાયદાઓની જેમ હાલતાં ને ચાલતાં ધર્મની હેરફેર ન થઈ શકે. અને જો હોય તો તે નૈસર્ગિક ન કહેવાય. એવો ધર્મ મનુષ્ય જાતને માર્ગદર્શક બનવાને બદલે અકલ્યાણકારી ને દુઃખ દાયી જ નીવડે. જેનો આપણે અત્યારે અનુભવ કરી રહ્યા છીએ.

ધર્મમાં તો સૃષ્ટિકર્તા ઈશ્વર અને જે પ્રકૃતિતત્વથી સૃષ્ટિ નિર્માણ થઈ હોય તે, સૃષ્ટિનો ઉપભોગ કરતા માનવ આત્મા (ભોક્તા) અને સૃષ્ટિકર્તાનો પારસ્પારિક સંબંધ, સૃષ્ટિકર્તાનો સૃષ્ટિ ઉત્પન્ન કરવાની સામગ્રી સાથેનો સંબંધ, સૃષ્ટિનો અને સૃષ્ટિભોક્તાઓનો સંબંધ–સૃષ્ટિનો ભોગ કરતાં છતાં ભોગ દુઃખરૂપ ન થતાં સુખરૂપ થાય તેના નિયમો; સૃષ્ટિમાં ભોકતાઓના પરસ્પરના સંબંધો જેવા કે પતિ–પત્નિ, માવિત્ર–સંતાન, ભાંડુંભાંડું, મિત્ર–મિત્ર, ગુરુ–શિષ્ય, પડોસી–પડોસી, રાજા–પ્રજા, રાષ્ટ્ર–રાષ્ટ્ર અને નાનામોટા અન્ય કોઈ પણ પ્રકારના પારસ્પારિક સંબંધો– યથાયોગ્ય ધર્માનુસાર સર્વથા સુખના સાધક હોય તથા થાય તે જ્ઞાનપ્રેરિત નિયમો, સૃષ્ટિમાં ઉત્પન્ન ભોગ્ય પદાર્થો ભોક્તા માટે સુખરૂપ નીવડે તે માટેના નિયમો, સૃષ્ટિમાં રહેલી અનેક શક્તિઓને સૃષ્ટિ–ભોકતા કેવી રીતે પોતાના માટે સુખરૂપ બનાવી શકે, સૃષ્ટિમાં ઉત્પન્ન પશુપક્ષી, વૃક્ષ વનસ્પતી વગેરેનો કેવી રીતે યોગ્ય ઉપયોગ લઈ શકાય એનું નિયમન તથા સંવર્ધન કરી શકાય તેનું જ્ઞાન પરિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્ણરૂપે અખિલ મનુષ્યજાતને તે સૃષ્ટિકર્તાએ સૃષ્ટિના આદિકાળથી જ પ્રેરણારૂપે જેમાં આપ્યું હોય તેવું "જ્ઞાન-યુક્ત જીવનકર્મ"જ ધર્મ કહેવાય.

વર્તમાનકાલિક મજહબપંથ મતો વગેરેમાં આ લક્ષણ યથેષ્ટ બંધબેસતું નથી. ઊલટું તે મજહબ વગેરેના માન-નારાઓના વિચારો માનવજાતિને છિન્નભિન્ન કરી નાખી, વેરભાવ વધારી, માનવજાતિને ઉન્નતિને માર્ગે જવામાં વિઘ્નરૂપ થઈ પડ્યા છે. ધર્મ તો મનુષ્ય માત્રને એક જ પ્રભુરૂપી પિતાના પુત્રો નિરુપી કુટુંબવત્ જીવવા સૂચવે છે. તે તે મજહબપંથો તો પોતાના અનુયાયીઓની જ ઉન્નતિ બીજા મજહબવાળાઓની હાની કરીને પણ ઘણી વખત સાધી લેવાનું બોધે છે. સાચો ધર્મ તો મનુષ્ય-માત્રની ઉન્નતિમાં જ પોતાની ઉન્નતિનું શીખવે છે જે તર્ક-શુદ્ધ વાત છે. મજહબવાળાઓ દલીલને કામમાં ન લાવતાં તે મજહબ ગ્રંથોમાં સૂચવેલી વાતોને વિશ્વાસથી માની લેવાનું કહે છે. શીખવે છે. ત્યારે સાચો ધર્મ તો બુદ્ધિ-પૂર્વક યુક્તિપુરઃસર વિચાર કરીને સત્ય તથા અસત્યનો તોડ કાઢીને જ સૃષ્ટિ નિયમાનુસાર જે વાત યોગ્ય હોય તે જ માનવાનું ઉપદેશે છે કે જેથી કરીને માનવજાતિ પ્રેમપૂર્વક વિચાર કરીને ઉન્નતિને માર્ગે ધપી શકે. સુખ સાધી શકે, અને વસ્તુતાએ ધર્મ પણ એ જ હોઈ શકે.

ધર્મ તો શીખવે છે કોઈની સંપત્તો કે સ્વત્વ છીન-વવું એ પાપ છે, કોઈના મનને દુઃખાવવું પણ. કોઈને નિકૃષ્ટ ગણવું પાપ છે. બધાંને સુખી કરવામાં પોતાનાં તનમન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધનનો ભોગ દેવો એ આત્મકલ્યાણનો માર્ગ છે અને ઈશ્વરને પ્રસન્ન કરવાનું સાધન છે જ્યારે મતમજહબવાળાઓ તો પોતાનાઓની જ સહાયતા કરવાનું સૂચવે છે. અને પરમતાવલંબીઓ જો પોતાના મતમજહબને કબૂલ ન કરે તો તેઓની માલમિલકત તથા બૈરાછોકરાં ઓને લૂંટી રંજાડીને તેથી થતા ગૂનાને સવાબ (ધર્મ્ય) ગણાવે છે.* જ્યાં એટલો બધો તફાવત હોય ત્યાં પારસ્પારિક પ્રીતિ, સંપ અને એકબીજા પ્રત્યેની માનબુદ્ધિની આશા કેવી? જગતમાંથી કજિયા કંકાસ કાઢી, શાંતિ અને સુખ પ્રસારવા માટે તો એકમાત્ર ઉપર ગણાવ્યાં તેવા લક્ષણવાળા ઈશ્વરી ધર્મનું-વૈદિક ધર્મનું જ શરણ હોઈ શકે. હવે વિચારી લેવું જોઈએ કે આવા પ્રકારનો બોધ આપનાર જો ધર્મપુસ્તક ન કહેવાય તોપછી ધર્મગ્રંથ કોને માનવો?

"સત્યાર્થ-પ્રકાશ"ની કસણી આ દૃષ્ટિબિન્દુથી કરવી ઘટે. ઉપર જણાવેલ બધાં લક્ષણો 'સત્યાર્થ-પ્રકાશમાં મળે છે. તો પછી આવા પ્રકારનો બોધ આપનાર "સત્યાર્થ પ્રકાશ" બીજા કહેવાતા મતમજહબના ગ્રંથો કરતાં ઘણી જ રીતે ચડિયાતો માનવો પડે તેમ છે. મહાનયોગી સ્વામી શ્રી. દયાનંદજીએ તેમના સમયમાં ધર્મને નામે ચાલતાં પાખંડો-જૂઠી માન્યતાઓને કારણે લોકોને પરસ્પર લડતા, જગડતા, દુઃખી થતા જોઈ, સાચો ધર્મ ઉપદેશવા માટે જ

---

* (ધર્મગ્રંથમાં તેવું ફરમાન ન હોવા છતાં એવો આચાર વ્યવહારમાં પ્રચલિત હોય તે પણ છેવટ. (સંપાદક)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્ય સનાતન ઈશ્વરપ્રેરિત વેદધર્મનું "સત્યાર્થ-પ્રકાશ" દ્વારા વિવેચન કર્યું. "સત્યાર્થ-પ્રકાશ" તો માનવધર્મનું નિરૂપણ છે. યાને વેદેમુકદ્દસની હદીસ છે.

અલબત તેમાં સાંપ્રત મતસંપ્રદાય મજહબ રિલિજ્યન વગેરેની સમીક્ષા કરેલી છે. તે ચોકકસ. પણ તે મતપંથ-વાળાઓનું અજ્ઞાન દૂર કરી, તેમના માનેલા ધર્મપંથ કે મજહબમાં જેટલી ધર્મ સંબંધી સૃષ્ટિનિયમાનુસાર તથા યુક્તિયુક્ત વાતો મળી આવતી હોય તેટલે અંશે માન-વજાતિમાં પરસ્પર પ્રેમ ઉત્પન્ન કરવા માટે સ્વીકારી બાકીની ગોલમાલોને ન વળગી રહેવાની પ્રેરણા કરવા માટે જ તે સમીક્ષા કરવામાં આવી છે. કોઇને ઉતારી પાડવા કે તેના ગુણને દ્વેષરૂપે વર્ણવવા માટે કરવામાં આવી નથી. તેમ છતાં જો તેવા મતમજહબવાળાઓને તેમાંની કોઈપણ સમીક્ષા ખોટી રીતે કરેલી જણાતી હોય તો તેના સંબં-ધમાં બેઉ પક્ષના વિદ્વાનોએ ભેળા મળી પરસ્પર શાસ્ત્રાર્થ વાદવિવાદ કરી, સત્યાસત્યનો નિર્ણય કરી લેવો એ જ વ્યવહારુ તોડ છે. જો અમુક સમીક્ષા મિથ્યા આરોપ તરીકે સિદ્ધ થાય તો તે કાઢી નાખવામાં આર્યસમાજને આગ્રહ ન જ હોઈ શકે કારણ કે સત્યને ગ્રહણ કરવા અને અસત્યને ત્યજવા માટે સર્વદા ઉદ્યુક્ત રહેવાનો તો દસમાંનો આર્યસમાજનો એક નિયમ છે. મસ્જિદ આગળ વાજાં વગડવાથી પોતાનું અપમાન થાય છે કહી મસ્જિદમાં છૂરી લાઠીઓ સંઘરી વાજાં વગાડનારાઓ પર હુમલો કરી બીવરાવી પોતાનું માન સાચવવા (૧) જેવી જ રીત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સત્યાર્થ-પ્રકાશ" સંબંધમાં પણ જો કદાચ તેઓ અમલી કરવા ચાહતા હોય તો તે વાત આર્યજગત કોઈ કાળે પણ સહન કરી શકશે નહિ.

તલવારની બીકે સત્ય છુપાવાય નહિ. "સત્યાર્થ પ્રકાશ" ઉપર આવો હુમલો કરતા પહેલાં તો તેઓ જે અનેક યુરોપિયન સમીક્ષકોએ ઈસ્લામ તથા તેના સ્થાપક હ. મહમદ સા-ના સંબંધમાં ટીકાઓ કરેલી છે તે જ પહેલાં રદ કરાવવા પ્રયત્ન કરે પણ ત્યાં તો જોર ચાલતું નથી. માત્ર પોતાના દેશવાસી આર્યસમાજીઓ જોડે કજીયા ઊભા કરવા મુસ્લીમ લીગ કુદકા મારવા માંડી છે. પણ ભૂલી ન જવું જોઈએ કે આર્યસમાજ ઉપર આવી જાતનો હુકમ લાવવા સરકાર કોઈ દિવસ પ્રયત્ન નહિ કરે. તેમ કરવાથી તમામ હિન્દુઓની ધાર્મિક સ્વતંત્રતા ઉપર તરાપ પડે છે અને બૌદ્ધિક સ્વાતંત્ર્ય છીનવી લેવાય છે અને એમ માનવજાતિની ઉન્નતિના માર્ગને તાળું વસાય છે તે સરકાર બરાબર સમજે છે. બીજી વાતોમાં કદાચ મુસલમાનોને રાજી રાખવાની ગમે તેટલી કાળજી સરકારને હોય પણ માનવજાતિના ધાર્મિક વિચારસ્વાતંત્ર્યને છીનવવાની ભ્રષ્ટતા સભ્ય કહેવાતી બ્રિટીશજાતિ કોઈ કાળે પણ નહિ કરી શકે એ વાતમાં આર્યસમાજને દૃઢવિશ્વાસ છે. પણ કદાચ એવો પ્રસંગ આવી જાય તો માત્ર આર્યસમાજ જ નહિ પણ અખિલ આર્યજાતિ ગમે તેવા પ્રકારનો ભોગ દેવામાં પછાત નહિ રહે. એટલે મુસ્લીમભાઈઓને ભલામણ કરવાની કે સદાકાળ માટે આર્યજાતિ સાથે કડ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ પેદા કરવાનો દુરાગ્રહ પડતો મૂકે. નહિતર તેમના તે દુરાગ્રહના પરિણામ તથા પ્રત્યાઘાતરૂપે પોતાની મેળે ઇસ્લામી મજહબના શિક્ષણની દરેક પ્રકારની ત્રૂટિઓ જગત સમક્ષ આવશે. અને મુસ્લીમ ભાઈઓને તે માટે પસ્તાવું પડશે.

હું સમજું છું કે ઇસ્લામી મજહબની નબળાઇઓ જે આર્યસમાજના પ્રચારકોએ જાહેર કરી છે તેને લઈને કેટલાક મુસલમાનો ઇસ્લામ છોડીને વેદધર્મનો સ્વીકાર કરવા માંડયા છે, અને ખુદ મુસલમાનોમાં પણ ધર્મ ઉપરની શ્રદ્ધા ઓસરવા લાગી છે. અંગ્રેજી શિક્ષણ પામેલા મુસ્લીમ નવયુવક–યુવતીઓ ઇસ્લામી મજહબથી અસંતુષ્ટ અને ઉપરામ થતા ચાલ્યા છે. લીગ પ્રેસીડન્ટ મી. ઝીણા તથા સરહદના આગેવાન ડૉ. ખાનસાહેબે પોતાની દીકરીઓ ગેરમુસ્લીમોને દેવામાં કોઈ હાનિ માની નથી. તો પછી "સત્યાર્થપ્રકાશ" ઉપર હુમલા કરવાથી શું લાભ છે?

આવતા દિવસોમાં આ જાતની સંકિર્ણ મજહબી ભાવનાઓ નથી ચાલવાની. જ્યારે યુરોપીય સંસ્કૃતિ ઉપર પણ ત્યાંના લોકોને શંકા ઉત્પન્ન થઈ છે તો ઇસ્લામ સંસ્કૃતિ ઉપર તો પહેલેથી જ થઈ ચૂકી છે. કમાલપાશાએ આખા ટર્કીમાંથી ખિલાફત દૂર કરી નાખી છે. ઇસ્લામનું ભાવી જોવું હોય તો કમાલના ટર્કીમાં તથા રેઝાશાહના ઇરાનમાં જોઈ લેવું જોઈએ. જો અમાનુલ્લાહ ગાદી પર ટકી રહ્યા હોત તો અફ્ગાનિસ્તાનમાં પણ જોવા મળત. માટે સમજદાર ઇસ્લામીઓએ મજહબનો મામલો ખુદા તથા ઇન્સાન વચ્ચેનો રહેવા દઈ પોતે તો માણસ–માણસમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથડામણ કરતાં અટકવું જોઈએ, એ જ ડહાપણની વાત છે. આશ્ચર્ય સાથે લખવું પડે છે કે અરબસ્તાનની સંસ્કૃતિ જ્યારે તૂર્કી અને ઈરાનને માફક ન આવી ત્યારે આ હિન્દુસ્થાન જેવા ધર્મપ્રધાન દેશમાં તો તે કેવી રીતે બંધબેસતી થશે?

અરબસ્તાનનાં વાજાં તે ત્રાસાં કહેવાય છે. એવાં બેસૂરાં ને બેહૂદાં વાજાંને મહમદ સાહેબે હરામ કરેલાં. ત્યારે સતાર વીણા તાઉસ સારંગી જેવાં સુંદર વાજિંત્રો શું મુસ્લીમો હરામ કરી શકયા છે? મુગલબાદશાહો કે અત્યારના નવાબોની સંગીતભકિત તેનું દૃષ્ટાંત નથી શું?

અરબસ્તાનમાં લીલાં દાતણો ન મળવાને લીધે કદાચ એક જ મિસ્વાક (દાતણ) સાચવી રાખવાની હિદાયત કરી હોય તો તેથી કરી આપણી સુજલાસુફલા માતૃભૂમિમાં પણ એકજ દાતણ સાચવી રાખવાની જરૂર છે ખરી? પગની ધૂંટીથી ઉંચો પાયજામો પહેરવાની હિદાયતનો મી. જીણાથી માંડીને કોઈપણ અમલ કરી રહ્યા છે ખરા?

અલ્લાનાં નૂર–દાઢી (અને મૂછો પણ) મૂંડાવી આજના મુસલમાનો શું કાફરોમાં ખપતા નથી? કેટલા લીગી સભ્યો પોતાની મૂછો શરાઈ કરાવે છે? લીગી મોવડીઓમાંના કેટલા પાંચ વખત નમાજ પડે છે, રોજા રાખે છે, જકાત કાઢે છે, વ્યાજ હરામ કરે છે, વેપાર કરતા નથી, નાટક સિનેમા જોતા નથી, છબી પડાવતા નથી, આવું આવું કરતાં છતાં પોતાને મુસલમાન તરીકે ઓળખાવી શકે છે, અને અજ્ઞાની મુસલમાનોને ભરમાવી ચઢાવી હિન્દુઓ સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવી તેઓ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરી રહ્યા છે. આવી રીતે વર્તવાથી તેઓને ખુદાની બેહિસ્ત કે હૂરીઓ તથા મુસલમાનોની મઝા નહિ જ મળે: પણ જે દેશમાં તેઓ જન્મ્યા છે, તેનો દ્રોહ કરવા બદલ ને પોતાનાજ ભાઈ-ઓની બાનાખરાબી નોતરવા બદલ મુવા પછી દોઝખ તથા જીવતાંજીવ બાનાખરાબી સિવાય બીજું કશું હાંસલ થનાર નથી.

આર્ય લોકો તો મુક્તિને માને છે. અર્થાત "લિજ્જતે હવાસ બમસા" (ઈન્દ્રિયજન્ય સુખ) થી આ જીંદગીમાંજ છૂટી જવાને માને છે. ઈન્દ્રિયોથી ઉત્પન્ન થતા જે વિષયાનંદો છે તેમાંથી છૂટી જવામાં માને છે એટલે કે દુન્યવી લિજ્જત (સાંસારિક સુખભોગ) જેણે તજી છે, તે બીજાઓ ઉપર વેરભાવ રાખવાથી છૂટો થઈ જાય છે અને ખુદાની સાચી મહેરબાની મેળવે છે તથા ખુદાના ફરજંદોની બીદમત કરવાને પોતાનો ધર્મ (ફરજ) સમજે છે. મુસલમાનો જ્યારે તે પ્રમાણે કરવા લાગશે ત્યારે જ અલ્લાહતાલાની બક્ષીશ મેળવી શકશે.

બાકી આર્યોએ તો 'સત્યાર્થ પ્રકાશ'નો ઉપદેશ પચાવી લીધો છે. તેમને તો બાત્રી છે કે વેદધર્મ જ ભવિષ્યમાં સાર્વભૌમ ધર્મનું સ્થાન પામશે. અને ત્યારેજ જગતમાં પ્રભુ પ્રત્યેનો સાચો પિતૃભાવ, મનુષ્યમાત્ર પ્રત્યેનો ભાતૃ-ભાવ અનુભવાશે અને લોકો પરસ્પર પ્રેમભાવે એકબીજાની રક્ષા તથા સેવામાં તનમન અને ધન વાપરી સુખચેનનું જીવન વીતાવતાં શીખશે. હું તો સમજી શકતો નથી કે કુરાને-શરીફમાં જ્યારે ખુદાને "રબ્બુલ આલમીન"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખા જગતનો ઈશ્વર કહેલ છે તો ગેરમુસ્લીમોને કાફર કહી તેમની ઘૃણા કરી તેમના દોહીના તરસ્યા શામાટે થઈ બેઠા છે.

ઈશ્વર સહુને સન્નિષ્ઠા, સદ્‌બુદ્ધિ આપે.

* *

'સત્યાર્થ પ્રકાશ' મહર્ષિજીએ પોતાના જમાનાના વિદ્વાન ધર્માધિકારીઓ, ધર્મજીજ્ઞાસુઓ, ધર્મમુમુક્ષુઓ ધર્મના થઈ બેઠેલા ઠેકેદારોને તથા થાંભલાઓને લક્ષીને લખેલો છે.

અત્યારે કેટલા ઉધરતા ધર્મકુતુહલ ધરાવનારાઓ કે અર્ધદગ્ધ-ધર્મભાવુકો એમના ઉપદેશ માટે કેટલીક આશંકા કરતા જોવા સાંભળવા મળે છે પણ એ જ એક એવો ગ્રંથ છે. જેમાં મહાભારતીય ગીતાબોધ પછી આર્યો પાસે ધર્મની ત્રિકાલાબાધિત વ્યાખ્યા મૂકાઈ હોય.

કેટલીક વાતો એમાં ન સમજાતી હોય એટલે તેને ન માનવા લાગવું એ સહજ છે. પણ એ માનનારાઓની પરિમિત જ્ઞાનમર્યાદાને કારણે છે કે નહિ કે પોતા મહાનુભાવની અલ્પતાને.

એ પુસ્તકને આજના-ધર્મ પ્રત્યે વિરસતા, વિકલ્પતા, સંશયગ્રસ્તતા તથા અમાન ધરાવી રહેલાઓને-લક્ષીને અગર જો મઠારી દેવામાં આવે તો તેમની આંખ ઉઘડી જાય કે તે એક જ પુસ્તક કોઈ પણ દેશના માનવને માનવતાના ચિરંતન મહિમાનું સંપૂર્ણ ગાન લાગે. પશ્ચિમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના ખ્યાલોથી રંગાયેલા તેમને ધર્મવિષયક લાગતાં હજાર પુસ્તકમાં ચડે તેવો આ એક જ ગ્રંથ છે.

'સત્યાર્થપ્રકાશ' એ થોડા ધર્મજ્ઞાનની પ્રાથમિકતા અલબત્ત માગી લે છે. કે ધર્મજીજ્ઞાસા તો અવશ્ય. સંસાર-વહેવારનું ઇતિહાસ–ભૂગોળનું સામાન્ય જ્ઞાન વગર એ ગ્રંથ સમજાવવો જરૂર મુશ્કેલ થઈ પડે તેમ છે. એટલું હશે તો એ ગ્રંથ એક સાચો ધર્મગુરુ ધર્મોપદેશક, ધર્મમાર્ગ-દર્શક, ધર્મદૃષ્ટા સમો દેખાશે.

જે જ્ઞાન–વિજ્ઞાનની અદ્‌ભુત લાક્ષણિક સુસંવાદિતા વડે એ ગ્રંથ આલેખાયો છે તે ધર્મને નામે હીણપત અનુભવનારાઓને ગૌરવદાયક થઈ પડશે.

જગતમાં જ્યાં સુધી લિપિ–ભાષાને વાહને માનવ સ્વભાવ પ્રકટતો, વ્યક્ત થતો રહેશે ત્યાં સુધી માત્ર બીજા-ઓની જ નહિ પણ પોતાનાં માનેલાંઓને માટે પણ ભેદ કે નિર્ભેદપણે માણસ ટીકા, ટિપ્પણી, વિવેચના, સમીક્ષા, મંતવ્ય કે મનનરૂપે કાંઈ ને કાંઈ લખ્યા કે બોલ્યા વગર નહિ રહી શકે.

ચેષ્ટા, વાતો, ગપ્પાં, નિંદા, પ્રશંસા, સંભાષણ સંકીર્તન પુસ્તકો ગ્રંથોની રચના એ બધું માનવના મનો-ભાવો, અનુભવો, અંતરોર્મિઓ આવેગો વહન કે દોહન હતું છે ને રહેશે.

વેદપાઠી દયાનંદનો સત્યાર્થ પ્રકાશ એવો જ એક પ્રયત્ન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મગુરુ

સ્વામી શંકરાનંદજી
મહર્ષિ દયાનંદજી
ગુરુ ગોવિંદસિંહ
સમર્થ રામદાસજી

સોનાને ગમે તે બાગથી કસો. એ સોનું જ હશે. ફૂલને ગમે ત્યાંથી સૂંઘો એની સુવાસ સરખી જ મુકશે. સાગરની ભવ્યતા અને પર્વતની રમણિયતા સમાં જીવનમુક્ત પુરુષોનાં ચરિત્રોનું પણ તેવું. ગમે ત્યાંથી ને ત્યારે દર્શાએ, એની પાવનકારી મહાનુભાવિતા વડે એ પ્રેરવાનાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

29884
30-90-2002
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
૯૨૩
૫૨

સદ્ગ૦ શ્રી શંકરાનંદજી

ચૈત્ર વૈશાખી મહિનાઓનાં પાતળાં આછરેલાં નદી-નીર સમી ઉત્તરાવસ્થામાં, જીવનનો મોટો ભાગ જ્યાં ગઈ ને, રહીને વિચર્યો છે, જ્યાં આવી વિરચ્યો છે: જ્યાં રહ્યા ગૂજર્યો છે, ત્યાં વીરપુરમાં[1] આજે પણ રાગી સંસાર-ના ક્ષેત્રકુશળ વિષે વિરાગી ચિંતનાભર્યા પૂજ્ય શ્રી સ્વામી શંકરાનંદજી મહારાજ એમની જીવનસૌરભ પ્રસરાવી રહ્યા છે.

પડછંદ પાંચ હાથ પૂરું ઘાટીલું પુષ્ટ શરીર, ગોરો ગોરો વાન, નમણું મરકતું મોહું, પ્રતિભા, ચાતુરી અને પ્રેમસેવા નીતરતો ચહેરોમોરો જોઈ પ્રથમ તો માણસને એમ થાય કે આવો માણસ સાધુ શું કામે થઈ બેઠો હશે ?

એમાં વળી વધુમાં સાંભળે કે પૂર્વાશ્રમે એઓ એક ગર્ભશ્રીમંત ભર્યાભાદર્યા કુટુંબના કુલીન સંસ્કારીને વિદ્વાન જીવ હતા ત્યારે તો હામદામ ને ઠામવાળા એવા જીવનની સાધુતા આશ્ચર્ય પમાડતી થઈ પડે છે. એક આદર્શ ગૃહસ્થી થઈ સંસાર શોભાવતા સજ્જનને બદલે એવો જીવ સાધુ શે દુઃખે બની બેઠો હશે !

સાધુતાને સાંસારિક દુઃખો સાથે જોતરતી એ સામાન્ય માન્યતા અને માપ બદલ્યા સિવાય સ્વામીજી જેવા સાધુનું

---

૧ કાઠિયાવાડમાં હાલારનાં ગોંડળ અને જેતપુર વચ્ચેનું.

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચું દર્શન ન થઈ શકે. ઊલટું સાધુ થઈને જ જેણે વારંવાર અસહ્ય શારીરિક માનસિક અને આત્મીક કષ્ટો વેઠી લીધાં હશે એવા પુરુષને તો પછી સાધુ થવા સરજનારું કયું દુઃખ હશે તે જોવા જાણવાની જિજ્ઞાસા જન્મે તે સહજ છે.

પોતાની જાત કે કુટુંબનાં ઐહિક સુખસગવડો, આવ્ય-સ્વર્યનાં મૂળ સુધી જેની નજર લંબાય છે અને જેના મનપ્રાણ, જાતિ તથા દેશનાં પારતંત્ર્ય દારિદ્રય અને અજ્ઞાનાદિ દુઃખદર્દોને પોતાનાથી અલગ સમજી કે પાડી શકતા નથી અને એને અર્થે યથાશક્ય કરવા મંડી પડવા સિવાય જેને ઝંપ વળતો નથી, ચેન પડતું નથી એવા 'લોકસંગ્રહી જીવન'નો વાસ્તવિક ચિતાર આવી શકતો હોય તો જ સ્વામીજી સમાની સાધુતા સમજી શકાય.

સંસારને અસાર કે મિથ્યા માનીને સાધુ થઈ જનારા એ સંન્યાસી નથી. પણ સંસારને ખાંડાની ધાર માનનારા અને એની બૂંઠી બની ગયેલી ધારને સજી જવા માંડનારાઓ માંહેના છે. સંસાર સંસાર છે એ મિથ્યા કે અસાર હોય તોપણ સંસાર છે જ અને સાધુ કે સંસારી થઈ કે હઈને પણ જીવવાનું છે અને જીવવું હોય તો વેઠ્ય કાઢવાને બદલે જખ મારતા રહેતાં નહિ પણ મર્દની રીતે જીવનકલા સાધતાં શીખવી જનારા સાધુ છે.

આ પુનિત આર્યાવર્તની પરંપરાગત રાષ્ટ્રીયતા ઉપર ચરેલી રાખ ઉડાડી, મહીં નવાં ઇંધન ઉમેરી પુનઃ રાષ્ટ્રીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનના યજ્ઞને પ્રકટાવવાની મથામણ કરનારા એ મહર્ષિ-ઓને દિપ્તીમાન પગલે પળનારા સાધુ છે.

પરચક્ર અને પરધર્મીઓની ભીંસે પોતાપણું પરવારતાં રહેતાં ભારતવર્ષની નિર્માલ્યતા, પામરતા, પશુતા, નિર્વીર્યતા જોઈને જે મહાનુભાવ જીવનાં મનપ્રાણ અવગતિ જેવી અશાંતિથી ઘેરાઈ ગયાં હતાં અને જે આત્મા દુન્યવી સુખ તથા ઈન્દ્રિયજન્ય આનંદોની પાર્થિવતા નાનેથી મૂલવી લઈ કર્તવ્યના નિજાનંદની સ્ફૂર્તિ વડે પ્રજ્વલિત બની બેઠો હતોઃ એવા વીર, વિરલ અને વજ્ર સમા ચેતનતમ આત્મા-નું સાચું રૂપે સાધુતા જ ઝીલી તથા જીરવી શકે.

કેવળ મોહો, માન, સુખ–સગવડો અને પ્રતિષ્ઠાની પળોજણમાં પડી જતા સાધુઓ–ભગવાં કપડાં પૂરતી જ સાધુતા સાચવી રહેતા સાધુઓથી–બદબદતા આપણા દેશના ઉત્કર્ષની ચિંતા ચોળનારાઓને, દેશને ભારરૂપ થઈ પડેલી એ જમાત માટે જન્મતી સૂગ સાવ અસ્થાને કે અકાળે નથી. છતાં ભારતની એ સાધુસંસ્થા હજી પણ મુક્તિ તથા પ્રીતિના મંત્રો વરેલા ત્યાગવીરો સૂની નથી. એ માંહે પાકતાં રાષ્ટ્રરત્નોની શક્તિમાં રહેલા દેશના ઉદ્ધારનો આધાર અને ઉપાય પણ ઉવેખવા જેવો નથી. ભારતીય સંસ્કૃતિનું સાધુતા તો હાર્દ છે?

સાધુ થઈને સહેલાં એવાં કષ્ટોમાં પણ જે આત્મા પોતાના ધ્યેય માર્ગેથી ચળતો નથી; એવા બલિષ્ટ આત્માની કામના વાંઝણી રહેતી નથી. એવા નરપુંગવ જીવોનું પરિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રમણ, ઉદ્‌બોધન એવં જીવનકાર્ય એળે જતું નથી અને એવાં કષ્ટો કલેશો વટાવતા એ પુણ્ય પુરુષોનું પુણ્યપાંગરતું તપ અફળ રહેતું નથી. જીવનધર્મની યાદ દેતા એવા સાચા વિરકત જીવોની હસ્તી તેની પ્રજા અને રાષ્ટ્રની સૂતેલી કર્તવ્યભાવનાને સિંચવા-કોળાળવા પૂરતી નીવડે છે. વર્તમાન યુગના સ્વામી વિરજાનંદજીથી માંડીને સ્વામી દયાનંદ વિવેકાનંદ, રામતિર્થ શ્રદ્ધાનંદ આદિ સાધુઓ પેઠે સ્વામીજી મહારાજ પણ એનું જીવતું જાગતું દષ્ટાંત છે.*

ઈશ્વરી સંકેત સમી ચિનગારી વડે પ્રકટી ઉઠેલી આતમચેતનાથી પંથ ખેડતા-અજવાળતા એવા જીવો પોતાના જીવનને, પ્રાણીમાત્રના શાશ્વતસુખના ઉપાયો ઢૂંઢવામાં સ્થાપવામાં અને આત્મદર્શન પામવામાં, શરીરમનની જે આહુતિ આપતા રહે છે. એ કદાચ લોકોની નજરે નથી ચઢતું; પણ ભૂલાયેલા નિષ્પ્રાણ થયેલા, ખોવાઈ ગયેલા માનવતાના ધર્મમર્મોને શોધતા સાંધતા એઓ પોતાનું સાચું સુખ એમાંથી સર્જી લે છે, એટલે આપણુ સંસારીઓને જે કષ્ટો અને કલેશો, રૂકાવટો અને રોકટોકો થઇ પડે છે તે ધ્યેયપ્રાપ્તિની ઉત્કટ કામના ભર્યા એવા મુક્તજીવોને કર્તવ્યના સાચા બદલા તરીકેની પ્યારી વસ્તુ થઈ પડે છે. એમને એ દુઃખદર્દો પીડી શકતાં નથી.

---

*એક કહેવત જેવી વાત છે કે સરાસરી બુદ્ધિશાળી અંગ્રેજ હંમેશા રાજપ્રકરણમાં હંપલાવરો ને બુદ્ધિવૈભવી અમેરિકન વેપારમાં, બુદ્ધિપ્રદ જર્મન લશ્કરમાં જોડારો. એમાં ઉમેરો કરીએ તો એમ જ એક મેધાવી હિન્દુ સંન્યાસી થઇ બેસશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાડી શકતાં નથી: કેમકે જ્ઞાનવિજ્ઞાન દૃષ્ટિવાળા એ જીવો પેટના બધાં નડતરો–અંતરાયોની અનિવાર્યતા જાણે છે એ બધું એમને સહજ, સ્વાભાવિક તથા વાસ્તવિક જ લાગે છે. ઊલટું તેમને દૃઢ બનાવનારા એવા બનાવોથી તો તેઓ પોતાના ધ્યેયને નજીક જુવે છે. કશા ય ઉહાપોહ અને ડાકડિમાક કે ખોટા જાહેરબણરિયા પ્રચાર વગર એઓ પોતાની કલ્યાણ કામનાને વળગી રહે છે. બસ જીવન એમના એ અર્થની પાછળ ખર્ચી નાખે છે. એનું સરવૈયું કે નફેાટોટો કરવા એઓ થોભતા નથી. એમનું સ્થાન પૂરાયું કે ખાલી હોય તે વાત એમને મન મહત્વની નથી. એવા જીવનમુક્ત પુરુષોને પોતાને માર્ગે શું શું વીતે છે એ એમને મન ન જેવી વાત છે. પણ જેને અર્થે તેઓ એ બધું હસતે મોઢે સહન કરે છે તેમણે તો એવું એવું જાણવું રહ્યું. એટલી કૃતજ્ઞતા દાખવવી રહી.

(તુરતમાં પ્રકટ થનાર 'સ્વામીજી'માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહર્ષિ દયાનંદ

(એક અણ-અપાયેલું ભાષણ)

ઉત્સવ ભગિનીઓ તથા ઉત્સવ બંધુઓ !

સંબોધન જરા વિચિત્ર લાગશે કે નવું જણાશે પણ આજને ટાંકણે એ જ એક બંધબેસતું સંબોધન છે. આપણું એક સુભાષિત છે:—

ઉત્સવે વ્યસને ચૈવ દુર્ભિક્ષે શત્રુવિગ્રહે
રાજદ્વારે સ્મશાને ચ યઃતિષ્ઠતી સ બાંધવઃ

માણસમાં કયાં અને કયારે બાંધવભાવ જાગે છે કે જાગવો ઘટે એવું એ સુભાષિતનું હાર્દ છે.

માણસ-માણસ વચ્ચે સંપ, એકતા, પ્રેમ, સેવા સહકાર જેવા શુભ ગુણો જન્માવનારાં કારણો, બળાબળો ગમે તેવાં અને તેટલાં હો પણ એ એક દુર્લભ અને અપૂર્વ દૃશ્ય છે જ્યા માણસ એક મટી અનેકમાં વહેંચાઈ જાય છે કે અનેકની સંખ્યામાં એકઠાં મળે છે. મનુષ્યના સનાતન સ્વભાવને પ્રતિબિંબનાર, એને એક કરનાર તત્ત્વ, કારણ, ઉદ્દેશ, હેતુ; દેશકાળ કે પ્રસંગના નવા વાઘા ધરેલાં મૂળે તો ત્રિકાલાબાધિત જ હોઈ શકે પણ એ બર આવે એમાં તેવાં સંમેલનનું સાર્થક. સંઘજીવી પ્રાણી તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યના સામાજિક જીવનની જવાબદારી તથા ફરજ સિવાય બીજું વિશેષ કશું નથી.

હિન્દુઓ પોતાનું ગૌરવ યાદ કરે, સમજે, સાધે, સાચવે, શોભાવે, ફેલાવે એ ભાવનાને વ્યવહારુ બનાવવા મહર્ષિ દયાનંદજીના બોધથી પ્રેરાઈને અર્ધા સૈકા પહેલાં જે દેશવ્યાપી હિલચાલ જન્મી હતી ત્યારે આપણા શહેરે પણ પોતાને આંગણે આર્ય-સમાજ સ્થાપીને એમાં તાલ લીધેલો. આજનો ઉત્સવ ભૂતકાળની એ ભાવના હજી જીવતી છે કે એ બોળિયામાં હજી પ્રાણ ટકયો છે એની ખાતરી આપી રહે છે. વિશેષ નહિ તો 'આર્યસમાજ' (અલબત્ત બહીંનો) ગઈ ગુજરી થઈ ગયો નથી એટલું તો ફલિત થાય છે આજના ઉત્સવથી.

આજે ભલે ગઈ ગુજરીમાં આર્યસમાજ ન ગણાય પણ એનામાંથી પહેલાંનાં નેકટેક જોમ, જોશ પ્રમાણિકતા, સચ્ચાઈ ઘટી ગયાં નથી તો બીજે વળી વહી ગયાં તો ચોક્કસ છે. હિન્દભરના અને દેશાવર બાતેના આર્યસમાજી જગતની પ્રવૃત્તિ, પ્રગતિ અને સિદ્ધીને મુકાબલે આપણું શહેર તો દરિદ્ર કહેવાય, પછાત કહેવાય, પ્રત્યાઘાતી કહેવાય સામાન્ય ગણાય છતાં સમસ્ત આર્યજગતે આજે ઓટનાં પાણી છે એ તો દીવા જેવી વાત છે.

આર્યસમાજની એક વખત તો એ બોલબાલા હતી, ફાટ હતી કે એની પ્રવૃત્તિ પ્રત્યે સરકારનો જીવ પણ ઊંચો રહેતો. એ દિવસોમાં દેશના સરેરાશ પ્રતિષ્ઠિત, વિદ્વાન,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધનિક અને મહાન માણસો આર્યસમાજમાં મળી આવતા. સરકારે એ ગળ એ સંગઠ્ઠન તોડવા જે દાવપેચ ખેલ્યા એમાં એ કારગત નીવડી. હાથે કરીને રાજદ્વારી ક્ષેત્રથી અલગ પડી જઈ શુદ્ધ ધાર્મિક સંસ્થા થઈ રહેવાની સુકૃયાણી મનોદશાના તેના થોડા અગ્રણીઓના ડરપોક જ્યાલો જીલાયા અને આર્યસમાજ પોતાને ચીલેથી ચાતરી બેઠો.

આર્યસમાજમાં શું ખૂટે છે? કોઈપણ પ્રકાર કે પદ્ધતિ કોઈ પણ વિષય કે ક્ષેત્ર એવું કશું નથી જે હિન્દુ સંસ્કૃતિ કલા કૌશલ્ય સ્થાપત્ય ચિત્ર કે શિલ્પ સાહિત્ય એવં હિન્દુ જીવનને પ્રતિનિધતું ન હોય. આર્યસમાજની કાર્યમર્યાદા બહાર રહી જતું હોય. પ્રાચીન સમૃદ્ધ ઐશ્વર્યશાળી ગૌરવવન્તા આર્યત્વના પુનરૂદ્ધારની બાંગ પુકારતો, અજ્ઞાન સ્વાર્થ અને સડાના અંધકાર સામે જ્ઞાનવિજ્ઞાનની મશાલ ચેતવી બેઠેલો આર્યસમાજ તો હિન્દુઓની સર્વાંગિણ શુદ્ધિ, શકિત ને સહકાર, હિન્દુઓનું સર્વતોભદ્રીય ઉત્થાન, સ્થાન અને કલ્યાણ અને રક્ષાના વ્યાપક હેતુનો ઝંડા ફરકાવી રહ્યું છે. એને "શુદ્ધ–ધાર્મિક" કહી થોડી વ્યકિતઓએ પોતાની અશકિત ઢાંકવાનો દંભ કરવો હોય તો તેથી એવાઓનું લાણું ચાલવાનું નથી. છતાં આજે આર્યસમાજમાં જે સડો પેઠો છે તે આ જ છે. એના પાણી ગંધાતાં ચાલ્યા છે. રવિવારે કંગાળ હાજરીમાં ભેગા મળવું. થોડું પ્રવચન કરવું, થોડાં ગીતો પુકારવાં, હવન કરવો અને વિખેરાઈ જવું તથા બાકીના દિવસોમાં એની એ વાણીએ જૂતી જવું. એટલેથી આગળ કંઈ કરવા જેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા થોડાઓને સૂઝતું નથી. શું હિન્દુઓની સાર્વત્રિક ઉન્નતિને માટે એટલું પૂરતું છે?

બાકીની આર્યસમાજી પ્રવૃત્તિ કરનારા પેટવડિયાઓ પોતા હસ્તકનાં કાર્યોમાં મિલકતનાં પદનાં પ્રતિષ્ઠાનાં પ્યાદાં થતા રહ્યા, બસ પછી તો પૈસાની વાત આવી; તેમાં ત્યાગ અને સેવા હાથીના દાંત થઈ પડ્યાં. આજે આર્યજગત એવા થોડા દંભીઓના જે કલહ કાવાદાવા જે ધોખાબાજી અને દીનદારિદ્રયને ચક્રાવે ચડ્યું છે તેનું પણ એ જ કારણ છે.

સદ્‌ગત સ્વામી શંકરાનંદજી મહારાજ કહેતા હતા કે લાહોરમાં આર્યસમાજનાં બળને તોડવા એક વેજીટેરીયન ક્લબ ઊભી થયેલી એમાં ભળવા, ભળેલા આર્યોમાંથી એકે મને કહ્યું. મેં જવાબ દીધેલો કે "આર્યસમાજમાં શું ખૂટે છે? દુનિયાની એકે પ્રવૃત્તિ એવી નથી જે આર્યસમાજ ન આચરી શકે.

જે સારૂં છે, સાચું છે, સુખકારી છે, તે બધું સુંદર, સત્ય અને શિવ એવું આર્યસમાજમાં છે. બીજી સંસ્થાઓમાં ભળી, કે બીજા ચોતરા ઊભા કરી આર્ય-સમાજી પ્રવૃત્તિઓમાં વરવું જોઈતું બળ હું વહેંચી નાખવા-અપવ્યય કરવા તૈયાર નથી." એ ખૂબ સાચું છે. બીજા મંડળો સભા સોસાયટીઓ સંસ્થા સ્થાનો ભલે આવકાર-દાયક હશે પણ અત્યારે હિન્દુઓને એવા ફેલફંદ પોસાય તેમ નથી. જેમને આવતા દિવસોની સહેજે-જરીકે ઝાંખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ શકતી હોય તે મારા કહેવાનો મર્મ સમજી શકશે. હિન્દુઓએ પોતાનું વર્ચસ્વ ટકાવી રાખવું હોય, પોતાનાં ધર્મ સંસ્કૃતિ કલાકૌશલ અને બહેનોદીકરીઓનાં શીલથી માંડીને રાષ્ટ્રની અખંડિતતા એકતા અને સ્વાતંત્ર્યની ખેવના હોય તેણે આર્યસમાજ સિવાય બીજી સંસ્થાનો વિચાર પણ ન કરવો હોય. આર્યસમાજના અત્યારના કાર્યવાહકો, સુત્રસંચાલકો, ધણીધોરીઓને એ માટે જગ્યા કરી આપવી પડે, સહિષ્ણુ અને સચેત થવું પડે, સ્વાર્થ છોડવા, ઉદારતા કેળવવી પડે અને કાં બીજા ઘણા જેમ એક વધારાનો વાડો કહેવાઈ પોતાના બાબોચિયામાં ગંધાવું પડે. બાકી મહર્ષિ જેવા આર્ષદ્રષ્ટાના નામ તથા કામને પોતાનું કરી બેઠેલા એવા આર્યો જો નાડું પકડી રાખશે તે તેમના હાથમાં જ રહેશે અને વણજારનાં ગાડાં વહેતાં રહેશે. મહર્ષિ અને બીજા હુતાત્મા આર્યવીરો એ એવા વાડાઓના જીવ નહોતા એ તો સહુ હિન્દુઓના–અખિલ આર્યજાતિના તથા માનવતાના માર્ગદર્શકો હતા.

સિવાય તો ઘણી બધા સત્યાર્થપ્રકાશના ચૌદમા સમુલ્લાસને. મુસ્લીમ લીગના એ પ્રકરણ રદ કરવાની માગણી કરતા ઠરાવને કે જેણે આર્યસમાજની આંખ ઉઘાડી દીધી. જ્ઞાન ઠેકાણે લાવી દીધી. અને એક થઈ ઊભા રહેવાની તક ઊભી કરી આપી ને થોડી નપાવટ વાતોમાં સમય શક્તિ તથા પૈસા નકામા વેડફી સાંપ્રદાયિકતાના ભોગ થતા બચ્યા. બીજા મતપંથ તથા ફિરકાવાળાઓની ધર્મઘેલડાઈ તથા વ્યક્તિપૂજાની આકરી ખબર લઈ નાખનાર આર્ય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજ કદાચ એવા જ પ્રત્યાઘાતોનો અખાડો થતો જતો હોય ત્યાં સાચા સ્વદેશ અને સ્વધર્મભક્તો પોતાની શક્તિ તથા મતિને માટે બીજી દિશાઓ અને ક્ષેત્રો જોગવે એમાં શું નવાઈ ! નકરી જખાંદરાજી, વાંજણી ટીકા, જડતા-ભર્યા એના એ જૂનવાણી કાર્યક્રમોમાં આર્યજગત અટવાઈ, વિખાઈ પીંખાઈ રહેતું હતું તેમાંથી માંડ છૂટ્યા. રાષ્ટ્રના વર્તમાન વાહકો, નાયકો, માર્ગદર્શકો અત્યારે જુદી ભાષામાં વાત કરી રહ્યા છે. એ આર્યસમાજને માટે આભડછેટ નહિ તો સૂગ તો જરૂર રાખે છે. એમને મન આર્યસમાજ બીજા હિન્દુ મતપંથો કરતાં વિશેષ નથી. દેશની મોટી સભા સંસ્થા ભલે આજના રીઢા આર્યસમાજીઓથી ભરી હશે ભલે આજની દેશની બહુવિધ પ્રવૃત્તિએ જોવા બેસીએ તો આર્યસમાજી ખ્યાલોથી ચાલતી હશે, રંગાયેલી હશે, આર્યસમાજ જેટલી સર્વવિધ ક્ષેત્રે સુધારક અને સંગદીલ હશે છતાં એ આર્યસમાજી રહી નથી.

ને એમાં આર્યસમાજે શરમાવા, ગભરાવા કે કૂલાવાનું કશું જ કારણ નથી. આર્યસમાજ થઈ પડેલી વ્યક્તિઓ કે ખ્યાલોએ એના ગજા સંપત કામ કરી લીધું. મહર્ષિજી-ને એનાથી કશી લેવાદેવા નથી. એ પુરૂષને એનાથી વધુ ઝીલવાની અત્યારનાં હિન્દની-હિન્દુઓની, આર્યસમાજ જગતની સૂઝ બૂઝ કે પહોંચ નથી, એ ભૂમિકા વટાવી જવા દો, ઝેટલું પચાવી લેવા દો. મહર્ષિની માંગ ઊભી છે. એ પુરૂષે દોરી આપેલો એક વ્યવહાર પૂરો જીવનમય કરી શકાયો નથી છતાં મહર્ષિ માટલે સુધી દોરી લાવ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે એ ઉપરથી એટલું તો ખાત્રીબંધ લાગે છે કે એવા પરમ પુરૂષની કલ્યાણકામના વાંઝણી નહિ જાય. એવા ભગવાન કૃષ્ણ પછીને પાંચહજાર વર્ષે આર્યાવર્તે આકર્ષેલા મહાન નરરત્નનો જીવનયોગ એળે નહિ જાય.

બુદ્ધિ અને નિષ્ઠાના વિકાસના અદભુત સમન્વય સમા મહર્ષિજીનું નિરાસકત, નિર્દંભ અને નિર્ભય બ્રહ્મ-વર્ચસ ભૂલા પડેલા, ભૂલી ગયેલા, ઓસરી ગયેલા આર્ય-જાતિના પ્રાણને ઢંઢોળીને બેઠું કરી ગયેલ છે. એ જાગ્રતી નહિ લોપાય.

વિશ્વભરની ચરમમાનવતાના હિતના શાશ્વત સુખની જે વેદવાર્તા એણે સુણાવી છે એનું મૂલ્યાંકન આંકેલા આર્યો નહિ તો થતા નવદિક્ષા પામતા આર્યો કરી બેઠા છે. એમનું એઠું ખાનાર છેવટે એ ભાથું પામશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામદાસજી

ઇતિહાસકારોએ જેને ઉતારી પાડવાની કાળજી રાખી છે અને હમણાં હમણાં આપણા આજના રાષ્ટ્રવીરો જેને "પથભ્રષ્ટ દેશભક્ત" તરીકે ઓળખાવી 'હિન્દુ-મુસ્લીમ એકતા' સાધવા ઉમેદ રાખે છે તે ચક્રવર્તી શિવાજી મહારાજના ગુરુની આપણે જયંતિ ઊજવીએ છીએ. તેમની પુણ્યતિથિ પાળવા આજે એકઠા મળ્યા છીએ. એટલે એમાં 'ગુરુ'નું સન્માન કરી રહ્યા છીએ. ને આપણે ત્યાં ગુરુ મહાત્મ્યે ભારે મોટું છે.

અલબત્ત આજે પણ આપણે જેની પાસેથી ભણીએ-શીખીએ છીએ એને પણ ગુરુને નામે જ ઓળખીએ છીએ એ ખરું; પણ હું ગુરુનું મહાત્મ્ય કહું છું તે દિવસો આજકાલ તો ગયા લાગે છે. એ મારા એકલાનો જ નહિ ભણાવનારા ઘણાનો ઘોખો છે. પણ એ ઘોખોય અકાળે છે. આજના આપણા શિષ્યોનો પાક સળ્યો છે કે ગુરુઓને ગેરુ લાગ્યો છે એ બન્ને મૂળે ભ્રામક નહિ તો અસ્થાને છે. હજીએ જોવા બેસીએ તો કોઈક ઠામલામાં એ નાતો-'શિષ્ય-ગુરુ સંબંધ' એના કુદરતીરૂપે ઉજમાળો જોવા પામીએ છીએ છતાં પેલો બળાપો યે સાવ હસવામાં કાઢી નાખવા જેવો તો નથી.

જ્ઞાન, જ્યાં સુધી ગુરુપરંપરાગત રહ્યું, ત્યાંસુધી; ગુરુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓનું મહાત્મ્ય ટકી રહ્યું. પાછલા થોડા સૈકા–વિદેશી ભાષાના માધ્યમે શીખવું પડયું ત્યારનાં થોડાં વર્ષોથી જ આ મૈકાણ મંડાણી છે એટલે તો આજે આપણે જે પામીએ છીએ તે જાત–માહેતી. સારાયે જીવનને આવરી લેતું એવું જ્ઞાન નહિ.

ગજા સંપત ગુરુદક્ષિણા તથા સેવાને બદલે બાંધ્યો પગાર અને નોકરી દાવો, જનકુલોથી દૂરનાં ગુરુકુલોને બદલે નજીક પડતી હાઈસ્કૂલો કે ઘેર ઘેર ટ્યુશન ભિક્ષા ઉઘરાવતા–ધોડ કરતા માસ્ટરજી—એમ એવી પલટાયેલી શિક્ષણપ્રણાલિનો એ પ્રતાપ છે. અત્યારનું એ ધોરણ ગુરુપરંપરાની આપણી પ્રાચીન નૈસર્ગિક પ્રણાલિને બંધબેસતું નથી છતાં પેલી ગુરુ-શિષ્યની પવિત્ર ભાવનાની આપણે આશા કરીએ છીએ. જ્યારે એ સંબંધ તો કથળી બેઠો છે એથી એ બળાપા ને ધોખા પેદા થઈ પડયા છે.

એટલે તો કદાચ ગુરુ–શિષ્યના સંબંધનું મૂલ્ય, આપણે એના સાચા અર્થ કે રૂપમાં ઓછું પીછાની શકીએ એમ પણ બને; છતાં આ દાખલામાં ઓછી મૂશ્કેલી છે. એ સમન્વય તેવું છે.

શિવાજી મહારાજે પોતાનો નેજો–ધ્વજ પોતાના સંન્યાસી ગુરુની પુણ્યસ્મૃતિના કાયમી ચિહ્ન સમો ભગવો રાખી એ સંબંધની પવિત્રતાનું બહુમાન કર્યું છે એ પોતે તો સારુ રાજ જ ગુરુને ચરણે ધરી બેઠા હતા પણ ગુરુને ફરમાણ પરવડતી ન હતી. એટલે ભરતજીએ જેમ પાદુકાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામરાજ્ય ચલાવ્યું તેમ શિવાજી મહારાજે ગુરુના આદેશ ઉપદેશ મુજબ ચલાવ્યું. આજે પણ આપણે કેટલાંય રજવાડામાં ટયૂટરો માસ્ટરજીઓ કે ગાર્ડિયનોને પ્રાઈવેટ કે હજૂર સેક્રેટરીઓ અને એમ દિવાનપદે બેઠેલા જોઈ શકીએ છીએ. એટલે એ કોઈ અણબનની વાત નથી. એમાં શિષ્યોનો સામાન્યપણે કૃતજ્ઞભાવ તથા ગુરુની યોગ્યતા જ કારણરૂપે હોય છે એટલું જ. માવિત્ર પછીનું તરતનું સ્થાનમાન રોકી લઈ આપણી એ ગુરુજમાતે પોતાનો ભારે પ્રચાર કરી લીધો લાગે છે; ખરૂંને! પણ એ યોગ્ય જ છે. માણસ સંસ્કાર વડે જ ઘડાય છે, ને સંસ્કાર ગુરુ રેડે છે. એટલે જન્મદાતા માવિત્રો પછી જ્ઞાનદાતા ગુરુઓ જીવનના ઘડવૈયા હોય છે.

રામચંદ્રના વશિષ્ટ વિશ્વામિત્ર, કૃષ્ણસુદામાના સાંદિપની, કૌરવપાંડવોના દ્રોણ, ચંદ્રગુપ્તના ચાણાકય સમા રામદાસજી નકરા વેદિયા કે પેટવાડિયા પંતુજી માંહ્યલા નહિ પણ દુરાધર્ષ કર્મવીર રાજસચિવ રાષ્ટ્રપુરુષ હતા. એમને અમસ્તા સમર્થ રામદાસજી નથી કીધા. ખરૂં જોઈ એ તો હિન્દુરાષ્ટ્રને પાટલે આર્ય ચાણુકચના જોટાનો એ રાષ્ટ્ર નિર્માતાપુરુષ હતો.

આચાર્યો, સંતો અને ભક્તોની તો હિન્દુસ્થાન લીલાભૂમિ છે. તેમના ઉપદેશો અને બોધ, એકતા તથા સંપ જમાવનારાં–જાળવનારાં બળો પેદા કરતાં રહ્યાં છે. જેના આપણે આજે પણ સાક્ષી છીએ. પણ રામદાસજી એ કક્ષાના જીવ ન હતા. રામદાસજી હતા; અર્જુનના વ્યા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહને કર્તવ્યમાર્ગે વાળી શકેલા કૃષ્ણચંદ્ર સમા કર્મવીર ઉપદેષ્ટા. નિષ્કલંક શિવાજી મહારાજમાં જે કંઈ હતું એ રામદાસની પ્રેરણા હતી. શિવાજી મહારાજનું ઘડતર એ રામદાસજીની કલાસિદ્ધી હતી. શિવાજી મહારાજનાં મન પ્રાણ: તેજ અને પરાક્રમ ઓજ અને વીર્ય એ રામદાસજીની ફૂંક હતી. ગુરુના બોલ ઉપર પ્રાણ સુદ્ધાં ન્યોચ્છાવર કરવાની તત્પરતા એવી ત્યાગવૃત્તિ એ રામદાસજીની વિરતીની પ્રસાદી હતી.

સ્ત્રીઓ પ્રત્યેની એ કાછદ્રઢા શિવાજીની સન્માન-ભાવના ભલે જાજવલ્યમાન જીજીબાઈના પુત્રપ્રેમનું પ્રતિબિંબ હોય કે અપકારીઓ પ્રત્યેની ઉપકારી નીતિ એ ભલે નેકનિષ્ઠ વત્સલ પિતાનો વારસો હોય પણ એક મોટી સલ્તનતને હચમચાવી મૂકી, તેમાંથી એક સ્વતંત્ર રાષ્ટ્ર જન્માવનાર, પ્રજાના સૂતેલા પ્રાણને ઢંઢોળીને ચેતન રેડનાર એ શૂરા શિવાજીનું પુરુષાતન એ તો ગુરુ રામદાસજીના આશીર્વાદનું ફળ હતું. મરી ગયેલી–પરવારી ગયેલી સાચી ધર્મભાવના, જાતિપ્રેમ, સંગઠ્ઠન અને નિયમન પાછાં બેઠાં કરનારી શક્તિ અને એ માટે રોટલિયાવેડા–ગમે તેમ રોટલો રળી જીવવાની પામરતાને ઠેકાણે જાતીને અર્થે એક થઈ મર્દની રીતે જીવન જોગવવા કાં ફગાવવાની હિમત, સાહસ શૌર્ય રેડી પ્રજાને-હિન્દુઓને પોતાપણું ધારી લેવાની–સાચા હિન્દુઓ થઈ રહેવાની–વિધર્મી રાજના પાગિયા થઈ પડવાને બદલે પોતાનું પાછું–પુનઃ હાંસલ કરવાની હાકલ દેનારો બુલંદ અવાજ ભલે શિવાજી મહા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજની પોતાની જબાન હતી. પણ એનું નાભિસ્થાન–એ આર્કનું ટ્રાન્સમીટર–રામદાસજી હતા.

હિન્દુઓ પોતાની જ પૂણ્યભૂમિ–માતૃભૂમિમાં વિધર્મી શાસકોની તાબેદારી ઉઠાવતા રહે–પોતાના જ ઘરમાં ભાડે રહે–તેના પાયા મજબૂત કરતા પોતાનું જ ખોદતા રહે; અને શાસિત થઈ જીવે–જીવે નહિ, ગદ્દરે! એ અસહ્ય સ્થિતનું ભાન થવું એ એક વાત છે: એને મીટાવા દેવી પેલી મૃતપાય દશા નીવારી દેવી એ બીજી.

વિચાર અને આચાર વચ્ચેનાં છેટાં ભાંગી આદર્શને સજીવન કરવો, મૂર્તિમંત કરવો એ રમત વાત નથી. એ છે ખાંડાના ખેલ. જીવતરને હથેળીમાં મુઠ્ઠીમાં રાખી ખેલવું એ ચા માટે ખાંડ મેળવવા કન્ટ્રોલમાં હડદોલાવા જેવી કે આ બોલી નખાય છે તેવી સહેલી વાત નથી. એની પાછળ તો ચકોરબુદ્ધિ, નિર્ણયબળ, અદમ્ય ધીરજ, અ-સ્થિર હિમત અને કૃતનિશ્ચયતા કામ કરતાં હોય છે. એકલાં સામ દામ કે ભેદની કુનેહ કે દંડની ધોકાબાજી પૂરતાં નથી. ને એ તો જામેલા રાજકર્તાના શસ્ત્રો છે–એટલે એમાં તો સર્વાંગ સુંદર યોજના સાધનસંપન્ન વ્યવસ્થા અને અણ-નમ ટેક બપે છે. એ બધું મોકાસર વણ-ઢીલે વણચૂકયા પાર ઉતારવા ઝૂઝવું: શિવાજી મહારાજને માટે શકય થઈ પડયું એ ગુરુ રામદાસજીની કૃપા તથા કરુણા વડે.

થોડા પૈસા, થોડી અક્કલ, થોડું શરીરબળ કે થોડો અધિકાર, કાયમના અનુભવની કથા છે, ભલભલા માણસનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિમાગ બગાડી મૂકે છે. ચકરાવે ચડાવે છે. ગૂંડો મરકટ બનાવી મૂકે છે. એને જીરવી જવું પચાવી જવું, પી જવું કે જોગવી લેવું, એ શુભ-સંસ્કાર માગી લે છે. એમાં નિસ્વાર્થતા, નિષ્કપટતા દયામાયા કે નિર્વ્યાજતા નિસ્પૃહતા આવ્યાં ત્યાં જાણવું: પાછળ જીવનની ઊંડી મુમુક્ષા, અકથ્ય સાધના, અસાધારણ ક્ષમતા, વિરલ કર્તવ્યબુદ્ધિ અને અસીમ સૌજન્ય કામ કરી રહ્યાં છે એ બધું શિવાજી મહારાજમાં એની સોળે કળામાં પ્રગટ્યું એ પ્રતાપ સમર્થના.

શિવાજી મહારાજ એક કિલ્લો ચણાવતા હતા કે સમરાવતા હતા. કદાચ આજના જેવા જ કપરા દિવસો હતા. સંભવ છે દુષ્કાળે હોય. કામ ચાલતું હતું. પોતે જાતે દેખરેખ રાખતા હતા. હજારો માણસો કામ કરી રહ્યાં હતાં. એ જોઈ એમને વિચારે અભિમાન ચડી બેઠું કે અહો! આવાં હજારો નિરાધાર ગરીબોને હું રોજી પૂરી પાડું છું. આશરો આપી રહ્યો છું. હું આ કામ ન કાઢત તો એ બધાં બિચારાઓનું શું થાત. કયાં જાત, શું ખાત, કેમ જીવત!!!

ગુરુ મહારાજને શિષ્યમહાનુભાવની આ ચિત્તવૃત્તિએ સમાધિમાં જ વિક્ષેપ પાડ્યો હશે ને! એમણે એ ઊગતા જ્વાલને સવેળા ડામી લેવાની જરૂરત જોઈ હશે ને! લાગલા પોતે જ્યાં એ કામ ચાલતું હતું ત્યાં એકાએક આવી ચડ્યા. શિષ્યે પાદ સેવ્યા. ગુરુએ કુશળ પૂછી ભદ્ર ચાહ્યું. આડીતેડી વાતો કરી ગુરુજીએ દૂર પડેલો એક પત્થર ચીંધ્યો ને તે તોડવા સૂચવ્યું. તાબડતોબ એ પત્થર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફોડવામાં આવ્યો તો એની પોલાણમાંથી થોડું પાણી તથા એક જીવતું દેડકું નીકળી પડ્યાં. જોનારા સહુ અચંબામાં ગરકાવ થઈ ગયાં–કે ગુરુ બોલ્યાઃ—

"જોઈ સરજનહારની લીલા. એણે દાંત સાથે ચાવણું જન્મ પહેલાં દૂધ જેમ તૈયાર રાખ્યું છે ને! આપણે બીજાને પાળીએ પોષીએ, નવાજીએ છીએ એવા અહં થી ફસાતા બચીએ. આપણે કોણ માત્ર. એક નીમિત્ત જ તો. બાકી એ વિશ્વંભરની ઇચ્છા વગર પાંદડું યે હાલતું નથી. એના દ્વાર્યા આપણે દોરાવાનું છે." બસ શિષ્યનો અહંકાર ઓગળી ગયો.

શિષ્યના મનને ડોળનારાં કોઈપણ કારણની જાંચ-તપાસ રાખનારા, એના અજ્ઞાનપડળ કાપનારા, એને સત્યને ચીલેથી ઊતરી પડતાં અટકાવ્યે જનારા ગુરુની પ્રેમદયાનું આ ભલે ચમત્કારિક પણ સાર્થ દૃષ્ટાંત છે. માતા જેમ બાળકનું જતન કરે છે એના મળ ધૂવે છે ગુરુ શિષ્યના મનનો મેલ એમ જ ધોતા રહે છે.

ગુરુનું એવું મહાત્મ્ય છે અમસ્તા ગુરુને છાપરે નથી ચડાવાયાઃ

ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુર્દેવ મહેશ્વર.

ગુરુ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ના સ્તોત્ર અમથાં નથી રચાયાં. આંતર દૃષ્ટિ–પોતે પોતાને ઓળખવા કરવું એવી દૃષ્ટિ કેવળ ગુરુકૃપાનું પરિણામ હોય છે. ભલે પછી એ ગુરુ દત્તાત્રેયજીયે કર્યા તેટલા હોય; કે પોતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતે થઈ પડે. પોતે પોતાનો મિત્ર તથા શત્રુ છે તેમ પોતેજ પોતાનો ગુરુ તથા શિષ્ય પણ છે. એ ભાવે એ સહજ લાગશે છતાં આત્માભિમુખ થવા પ્રેરનારૂં કોઈ ને કોઈ જાણે અજાણ્યે સીધું કે આડકતરૂં–પાછળ ઊભુંજ હશે. ભલે એ માવિત્ર હોય, મિત્ર હોય આપ્ત હોય દાસ હોય કે શત્રુ પણ એમાં ગુરુતા જરૂર ભળી હશે.

હુંયે હમણાં એક એવા ગુરુનું પૂજ્ય સ્વામી શ્રી શંકરાનંદજી મહારાજનું ચરિત્ર લખું છું એ માટે મારે ચરિત્રગ્રંથો જોવાના હતા. એક એવું પુસ્તક લખવા મારે જે થોડું તૈયાર થવું પડયું એટલામાં જ મારી તો આંખ ઊઘડી ગઈ છે. નીરાંતવો થઈ ને લખી શકું તેટલા માટે એઓશ્રી કને જઈ પડયો. ત્યાં સ્વામી શ્રી વીરજાનંદજીનું જીવન પણ વાંચવા મળ્યું.

વેદોનું અને એ દ્વારા આર્યસંસ્કૃતિનું ગૌરવ સંસ્કૃત જગતમાં ફરી પાછું ઉજાળી જનાર–પોતાના મહર્ષિ શિષ્યને આર્ષ તથા અનાર્ષ ગ્રંથોના ભેદ તારવી આપનારું એ પ્રજ્ઞાચક્ષુ ગુરુએ ભારે ઉપકારક કાર્ય કર્યું છે. એ બાલ બ્રહ્મચારી–બાલસન્યાસી સો દયાનંદોને વટી જાય તેવા મેધાવી હતા. તેજસ્વી હતા, ધુરંધર હતા. પણ પ્રભુનો કાયદો જ એવો કોઈ ગહન છે. કુદરતે એમને દયાનંદ રૂપે આંખો બક્ષી. એમ ભેખધારી જીવન મુક્ત રામદાસજીને શિવાજી રૂપે શક્તિ બક્ષી. ભવાની તલવાર બક્ષી.

છતાં શિષ્યોથી ઊજળા થવું ગુરુઓની ચાહના રહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેમણે "પુત્રાત શિષ્યાત પરાજ્ય" વાંચ્છયેા છે, એમાંજ એમનાં જીવનવ્રતનું ઈતિકર્તવ્ય માન્યું છે. એટલે રામદાસજી વિષે જ્યારે આપણે બેાલીએ તેમનું જ્યારે તર્પણ કરીએ ત્યારે તેમના પ્રાણ પ્રતિનિધિ સમા શિષ્ય શિવાજી મહારાજને અર્ઘ્ય આપ્યા સિવાય ન રહ્યું જાય તે સહજ છે.

ત્યાં ખાતે સાંજે કાયમ ફરવા જતેા. થેાડું પાછાં વળતાં મેાડું થઈ જતું. અંધારૂં જામી જતું. સ્વામીજી કહેતાઃ 'ભાઈ! ફરવાનું વહેલાં આટેાપી લેા. હું તમારી રાહ જોતેા રહું કે મને તમારી ચિંતા થાય એ સારી વાત નહિ.' છતાં મેાડું થઈ જતું. એક દિ રસ્તામાં જતી વખતે નાગણી કચરાતી રહી ગઈ. ખરું કહું તેા કરડતી રહી ગઈ. ઠેકડેા મારી આઘેા બસી ગયેા. એ ઝાંખરામાં છૂપાઈ ગઈ. બસ ડાહ્યાંડમરાં થઈ ગુરુ આજ્ઞા અમલમાં મૂકી દીધી. પાછેા આવતેા રહ્યેા. વહેલેા આવ્યેા જોઈ પેાતે હસી પડ્યા. 'કાં ભાઈ આજ તેા તમે આજ્ઞાધીન થઈ પડ્યાને શું? કે કાંઈ પરચેા મળ્યેા. નાગબાગ તેા ભાળ્યેા નથી ને! હું ડઘાઈ ગયેા. સ્વામીજી કહેઃ એમાં કેાઈ ચમત્કારી વાત નથી. હું તમે જાવ છેા તે બધા રસ્તા ઠેકાણાં ખૂંદી વળ્યેા છું. જે ટેકરી પર તમે બેસેા છેા એ મારી પણ પ્રિય જગ્યા હતી. પણ ત્યાં સાપનેા અવરજવર રહે છે, તે હું જાણું છું. એટલે ચેતવતેા હતેા. નાગદેવતા ભગવાન શંકર પેઠે આપણા બેાળામાં ભેાંટતા ન થાય કે આપણે જ્યાં સુધી એને હાથ–ગળાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરેણું ન કરી શકીએ ત્યાં સુધી એની આણ કબૂલવાનું તો તમને અત્યારનાં રાજકારણમાંથી યે શીખવા મળે તેમ છે. જુવાનો ખડતલ થાય, નિર્ભય બને એ માટે એમની ખોટી ચિંતા કરી તેમનાં ઓસાણ મોળાં પાડી દેવા હું તૈયાર નથી. તમારી તે દલીલની મને કદર હતી. પણ જુવાનીઆઓને આંધળિયાં કરવા દેવા હું તૈયાર નથી. સાપવીછુનો કાટ્યો એવો જુવાન દુઃખી થાય કે જીવ ચૂમાવે એના કરતાં દેશને માટે હસતો હસતો ગોળી ખાઈ ચૂજરે એ મને વધુ સહેતુક લાગે છે.'

પણ સાજા સારા સ્વામીજી અઠવાડિયાના તાવમાં કાયમ માટે ઊપડી ગયા. તેમની આખરી સેવા તથા સંનિધિનો લાભ મળ્યો જે હજારો જેમ હું યે ઝંખતો હતો. પણ એ લાભ આટલો વહેલો અને મોંઘો થઈ પડશે એનું મને ઓછું ભાન હતું. હારતો, થાકતો, અકળાતો મૂંઝાતો ત્યારે તેમની પાસે પહોંચી જતો. આશા, આનંદ સુખ અને આત્મકલ્યાણનું ભાથું પામી પાછો જોતરાઈ રહેતો. આજે એમની હાજરી અને હયાતીની મારી ઝંખના દહાડે દિવસે વધતી ચાલી છે. હું તેમને શું હતો હઈશ તે તો હું જાણું છું પણ મારા જેવા માટે, એ શું હતા. એ હું બરાબર સમજી બેઠો છું. હું આપ સહુને કદાચ કેમ ખ્યાલ આપી શકું કે એમના વગર કેટલું ઓછું-ઓછું અને એકલવાયુ લાગે છે.

ધ્રૂ કાંટો તથા સુકાન વગરનાં વહાણની ગતિ-ઘોર અંધકાર ઘેરેલા તોફાની દરિયામાં-જેવી હોય છે, ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નબાપું--નમાયું છોકરૂં ને નગુરો માણસ મને તો સરખાં લાગ્યાં છે એવાં પ્રેમહીણાંઓમાં નિરંકુશતા--નફીકરાઈને બદલે મને નિરાધારી વધુ દેખાણી છે. એટલે તો 'નગુરું' એ આપણે ત્યાં ગાળ ગણાય છે.

ઈશ્વરકૃપાથી આપણે હિન્દુઓને પાછળ જોવા જેવું ઘણું છે. આપણું સ્વત્વ, આપણી અસ્મિતા--આપણાપણું તો બીજા તેજોદ્વેષી રાષ્ટ્રોને અદેખા કરી મૂકે છે, ગુણગ્રાહીઓને શિર ઝૂકાવતા કરી બેઠું છે. ભૂતકાળનો હા, ભૂતકાળનો આપણો ઉત્તરાધિકાર ઇતિહાસરૂપે સમગ્ર માનવતાનો અગ્રગામી રહ્યો આપણને હજી ઉન્નતમસ્તકે જીવવાની લાયકાત બક્ષી રહ્યો છે. એના ઉપરની રાખ ઉડાડી એમાં નવાં ઇંધન ઉમેરવાનું પણ આજે આપણા લોકનાયકો કરી રહ્યા છે, તેથી આપણે ભાવી પ્રત્યે ઉન્મુખ પણ નથી. વર્તમાનની સિદ્ધિ સાથે આપણે કલ્કીઓની રાહમાં "સંભવામિ યુગેયુગે"ની તાલાવેલીમાં આપણું સાચું સ્થાન સ્થાપી રહ્યા છીએ. એવી વિશિષ્ટ તો છે આપણી હિન્દુઓની જીવનદૃષ્ટિ

ને એકલી રાહ જોવામાં આપણી જાતને ભૂલી કે ઓછું મહત્ત્વ આપ્યે જવામાં કે કોઈ પ્રત્યાઘાતી બીજાની સાથે તણાવામાં આપણો આરોવારો કે ઉગારો નથી એટલું તો આપણે સમજી લીધું છે.

એટલો સંકલ્પ આવા પુણ્યાત્માઓની પ્રાણસ્મૃતિમાં આપણે પામીએ તો એવા બલિષ્ટ સંકલ્પદૃઢ મહાત્માઓનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીઠબળ આપણે અવશ્ય પામશું. એટલી વિભૂતી તો એમના સ્મરણમાં ભરી છે. એ કેાર્ય કવિની કલ્પના નથી પણ હવે આજે નક્કર વૈજ્ઞાનિક સત્ય મનાયું છે

શ્રી. અરવિંદ કે રમણ મહર્ષિ જેવાને બાદ રાખીએ તો આજકાલ તો આપણે બાવા સાધુઓથી ભડકીએ છીએ અભડાઈ એ શરમાઈ મરીએ છીએ; ત્યારે તેવા પ્રત્યેના શરણભાવ કે આજ્ઞાપાલનની વાત કયાં! પણ આ રામદાસજી એવા પ્રકારના સાધુ ન હતા. એ તો કાળભગવાનનાં બળાબળોને ઓળખનારા યોગી હતા. પ્રજાઓનાં ઉત્થાન તથા પતનનાં રહસ્યો ઉકેલી શકનારા ત્રિકાળજ્ઞ હતા. રાષ્ટ્રનાં પુણ્યપાપનાં સરવૈયાં કરી, તેના ઋણ કે પુરાંતનો હિસાબ મૂકનારા અર્થશાસ્ત્રી હતા. સ્વજાતીના સુષુપ્ત પ્રાણને-કાપુરુષતાના રોગીઓને સંજીવની સુંઘાડનારા ભિષક હતા. ખંડેરોને ઠેકાણે નંદનવન ખડું કરનાર વિશ્વકર્મા સમા આજન્મ કારીગર હતા. અને છતાં જાણે કશું જ ન હતા. નિમિત્ત માત્ર હતા. આ દેવભૂમિના સંતાનોના સુખ સ્વાતંત્ર્યની રક્ષા તથા સ્થાપના અર્થે જન્મ લેનાર પરમ તત્ત્વ હતા. એવો જીવનમોહી આત્મા ભારતવર્ષ જ જન્માવી શકે છે.

પિટ ગ્લેડ્સ્ટન કે બિસ્માર્કને બિરાદાવતા આપણા આજના શાળાઇતિહાસકારોને ઠેકાણે જ્યારે નવેસરથી લખાવો વિચારાતો આપણો રાષ્ટ્રીય ઇતિહાસ પ્રતિષ્ઠા પામશે, ત્યારે 'પથભ્રષ્ટ' શિવાજી 'ડુંગરનો ઉંદર' નહિ પણ અષ્ટપ્રધાન મંડળની સુંદર આર્ય રાજ-વ્યવસ્થાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાપક, નિપૂણ ચક્રવર્તીનું પોતાનું ગરવું સ્થાન દીપાવતો હશે. આપણી ભાવી પેઢીઓને પોતાના જાતિ, ધર્મ તથા રાષ્ટ્રની અદ્વિતીયતા, અલૌકિકતા અને યથાર્થતામાં રાચતાં કરી બેઠો હશે ત્યારે અત્યારના દુષિત ઇતિહાસક્રમ રચનારાનાં ઠામઠેકાણાં નહિ હોય.

એથી તેઓ ડાહ્યાડમરા થઈ હાથે કરીને ઉપકાર કરતા ખાલી કરી ગયા નહિ હોય; પણ તેમ કરવાની ફરજ પડી હશે કે પાડવામાં આવી હશે અને આપણી વચ્ચે પોતાનો અસલી ધંધો–વેપાર નભાવવાની મથામણ કરતા હશે કે વિદ્યાર્થીઓ થઈ, યાત્રીઓ થઈ આવતા રહેશે અને આપણી સુજલાસુફલા માતૃભૂમિની હિમાચલ સમી શુભ્ર, ઉન્નત ઉચ્ચતાને–સમભાવનાને બિરદાવતા–પ્રેરણા પામતા જશે. તપસ્વી–રામદાસજીઓનો ક્ષેમ એળે ગયો નથી. જશે નહિ. ખપ્પર ભરીભરીને–ભવાનીથી વધેરીવધેરીને ભરેલાં ખપ્પરોનાં બલિદાન ખાલી ગયાં નથી. જશે નહિ.

રામદાસજી વિતરાગી હતા. અસંસારી હતા. છતાં રાગીસંસારીઓનાં ક્ષેમકલ્યાણ સોચતા સાધતા. સંસાર અસાર હશે, જગત મિથ્યા હશે છતાં સંસાર સંસાર છે જ અફર અને અહરનિશ. એમાં જીવવું હોય તો જખમારીને કે વેઠ કાઢતાં નહિ પણ મર્દની કલાથી જીવવું પડશે.

તેવી જીવન–દિક્ષા આપી જનારા, કર્તવ્ય બુદ્ધિની મશાલ ચેતવી, સંસાર–કેડીઓ અજવાળી–જનારા, એ અમર આર્ય સંન્યાસીનો ઉપકાર; હિન્દુવટ, હિન્દુપત: એવં હિન્દુત્વની સાથોસાથ તપશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવાજી મહારાજ ન હોત તો બધા હિન્દુઓની સુન્નત ભલે ન થઈ જાત. એ કવિતામાં ભલે ખોટી ભડક અતિશયોક્તિ કે વ્યાજસ્તુતિ હોય કે શિવાજી ન હોત તો બીજા સંતભક્તો કે આચાર્યોના ભજનકીર્તન કે સદ્‌બોધથી દેશમાં ભલે સંપસુલેહ ટકયે ગયાં હોત અને મુસલમાનો આસ્તે આસ્તે હિન્દુધર્મની શેહમાં આવી છેવટ શકો તથા હૂણોની માફક હિન્દુઓમાં ભેળાઈ ગયા હોત કે એથી ઊલટું હિન્દુઓનું જડામૂળ નીકળી ગયું હોતઃ પણ એવો વિકલ્પ જતો કરીએ, તો છતાં શિવાજી મહારાજ તો જરૂર ન હોત જો રામદાસજી ન હોતઃ એ સાવ સાચી વાત છે.

પણ શિવાજી હતા. રામદાસજી હતા. એ કોઈ કવિતા કે વાર્તાનાં ઓઠાં નથી. એ અહિન્દુ રાજશાસન વચ્ચે સાચા હિન્દુ હતા, એથી રાષ્ટ્રપ્રેમી મટી જતા નથી. એટલું સમજી લઈ આપણે તેમનું સાચું સન્માન અનુભવીએ તો જ આવી જયંતિઓ ઊજવે છે.*

---

* ભાવનગરનાં મહારાષ્ટ્રીય મંડળે ઉજવેલી શ્રી રામદાસ જયંતિ વેળા આપેલું ભાષણ તા. ૧૮-૨-૪૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ ગોવિન્દસિંહ

આજે આપણે આંગણે એક એવા રાષ્ટ્ર–ગૌરવ ધર્મ-વીરની સ્મરણપૂજામાં ભળવાનું આપણને સૌભાગ્ય સાંપડયું છે જે આપણા થોડા શીખ–ભાઈઓના અહીં ખાતેના વસવાટે શક્ય બન્યું છે.

એ ભાઈઓ આટલે દૂર આજિવિકા અર્થે જે ધર્મ-ભાવના સાથે આપણી વચ્ચે આવી વસ્યા છે તેની આપ-ણને પણ ખૂબ છે. આપણે પણ તેમની જેમ તે પુરુષનું ગૌરવ લઈએ છીએ જેની જન્મજયંતિ ઉજવવાનું અહીં ખાતે શરૂ કરવામાં યશ તેઓ લઈ શક્યા છે. આપણા સહુના એ માટે એઓ ભાઈઓને ધન્યવાદ.

આજે તો આપણે ગમે ત્યાંથી અને ગમે તેમ કમાણી કૂટી કાઢવા આતૂર હોઈએ છીએ. અને પછી એ વડે ઠાઠ, અયશ અને ચેનથી જિંદગી ભોગવવા અને ગુજારવા માગીએ છીએ. કે રળીરળીને પાછળ હીણકમાઓને હવાલે કરતા જઈએ છીએ અને કમાવા પાછળ જિંદગીનાં બીજાં ક્ષેત્રો ખેડવા વગર સદાને માટે ચાલતી પકડીએ છીએ. આપણા બહુધા આવાં આજિવિકાપરાયણ જીવનમાંની એક મોટી મૂડી તરફ આપણું ધ્યાન બહુ તો આવા પ્રસંગોએ ખેંચાય એ સ્વાભાવિક છે. એટલે આપણે ધર્મવિરસ થતા ચાલ્યા છીએ અને એમ થવું પણ સહજ છે. ધર્મને નામે પાખંડ ધંધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પાપાચારો પ્રવર્તતા હોય ત્યાં એમ જ બને. પણ તેની અવેજીમાં સમભાવ સદાચાર આપણે સ્થાપી શક્યા નથી. એટલે સાચા ધર્મથી પણ આપણે વિમુખ બની બેઠા છીએ. ધર્મને નામે આપણે સૂગાઈ એ છીએ શરમાઈ મરીએ છીએ. પણ જીવનનો ધર્મ સાથેનો સંબંધ તો અચ્છેદ્ય છે. નિત્ય અને શાશ્વત છે, એટલે આપણને ધર્મ વગર ચાલવાનું નથી. કારણ કે ધર્મ જ જીવનને પાવન કરે છે. વ્યક્તિ કે પ્રજાજીવનને ધર્મ જ દોરે અને અજવાળે છે. આપણા વ્યવહારો જોઈ એ તો એવી "માનવકૃત ભાવના" સમા ધર્મનાં પ્રતિબિંબ જ પાડી રહે છે. આત્મોન્નતિથી માંડીને રાષ્ટ્રોન્નતિ સુધી વ્યાપી રહેલા ધર્મની સાચી મહત્તા પિછાણ્યા અને અપનાવ્યા વગર આપણને કોઈ ને છૂટકો નથી આજનો જયંતિઉત્સવ પણ એવી જ એક ધર્મભાવનાનો પડઘો છે.

જાતિ, ધર્મ, દેશ અને સંસ્કૃતિ અર્થે જીવન સ્વાર્પણ કરનારા નરપૂંગવોના ચરિત્રોનું અનુષ્ઠાન એ કોઇ પણ દેશની પ્રજાની સંસ્કારિતાનું માપ છે. ભગવાન રામ અને કૃષ્ણચન્દ્રની આજ દિવસ સુધી ટકી આવતી પૂજાનું પણ એ જ રહસ્ય છે. એ પણ વીરપૂજાની જડ અને વિસ્મૃત પણ પરંપરા જ છે. જ્યારે એવા જીવનનિષ્ઠ અને કર્તવ્યપરાયણ મહાપુરુષોનુ અનુસરણ તેના સાચા અર્થમાં થતું અટકે છે ત્યાંથી તે પ્રજાનાં પાણી મરવા માંડે છે. વેદોના વિપરીત અર્થ, યજ્ઞોમાં અવૈદિક બલિ અને શાસ્ત્રોને નામે ઇન્દ્રિય સુખોપભોગના કુત્સિત બોધ દ્વારા મહા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતયુદ્ધો અને પછી વ્યાપેલી અજ્ઞાનતામાં ફસડાઈ પડેલા હિન્દુધર્મની શુદ્ધિ માટે ભગવાન બુદ્ધ મથ્યા. બૌદ્ધોના મિથ્યાચાર માટે શંકરાચાર્ય, શાંકરમતની અવૈદ્વિકતા માટે દયાનંદ એ ક્રમ પણ એમજ ચાલ્યો આવે છે. પ્રજાનાં પતન અને ઉત્થાનનો એ ઇતિહાસ છે. યુગાચાર સાથે તાલ લેતી રહેતી એ કર્તવ્ય નિષ્ઠાની સરવાણી છે. આજકાલ પણ આપણે એ જ તત્ત્વ કામ કરતું અનુભવીએ છીએ.

હિંદમાં જ્યારે મુગલાઈની આણ ફરતી હતી અને અકબર ઔરંગઝેબના શાસનની નોબતો ગાજતી હતી કે જેની જાણ વગર ભાંગેલાં કે જર્જરિત હિન્દુમંદિરની મરામત તો શું પણ એક ઈંટ પણ બદલી શકાતી ન હતી. હિન્દુઓના જ બળ અને બુદ્ધિ વડે જામેલી મુગલ બાદશાહીનો વહિવટ આજની માફક ત્યારે પણ મોટા ભાગના હિન્દુઓ જ ચલાવતા હતા. રાજઅમલ સામે ઉંકારો થઈ શકતો ન હતો. તેવા સમયની પ્રાણવાન વ્યકિતની આજે જયંતિ છે. મણમણના વજને જનોઈઓ ઊતરતી અને બળતી હતી. તે દિવસોમાં પોતાના ધર્મની રક્ષા અર્થે, જાગી ઉઠેલા અણનમ આત્માનો અવાજ અને એ માટે બલિદાનોની પરંપરા એટલે શીખધર્મ.

જે દુન્યવી લાભાલાભોની ખેંચતાણ અને ઘોડદોડને બદલે શાશ્વત સત્યનું ઉપાસક હતું. હરયુગ અને રાષ્ટ્રમાં એવાં બળાબળો સદાકાળ ઊપજતાં અને પલટાતાં રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજની ચાલીશ લાખની જનસંખ્યા અને સબળ વ્યક્તિત્વવાળી શીખજનતા એવા એક બળનું વંશવૃક્ષ છે.

સાચી વાત અને સહુના હિતની વાતમાં જ્યારે સમુહિત સહકાર નથી મળતો ત્યારે પક્ષભાવનાના જુદા ચોતરા જામે છે. શીખો શું કે શું આર્યો કે આજના ગાંધીવાદીઓ. અંતર તો પડે ને એકીકરણે જન્મે અને એમ રાષ્ટ્રીય એકતા, પ્રજા સ્વાતંત્ર્યની રક્ષા, અસ્મિતા અને માનસ શુદ્ધિ કરનારી વિભૂતિઓય સાંપડે.

શીખોનું અસ્તિત્વ જ હિન્દુઓને તેની લાંબા વખતની ધર્મજડતાનું ભાન કરાવનારી દિવાદાંડી છે. જેઓ હિન્દુઓ માંહેના જ છે. હિન્દુઓજ છતાં શીખો શા માટે છે ? એટલો ભેદ સમજવા જેવો છે. જેમ આ દેશમાંની સાડાસાત કરોડ મુસલમાનોની હસ્તી હિન્દુઓની મૂર્તિપૂજાની ઘેલછા પ્રત્યે ઘસી આવેલા મૂર્તિભંજકોનો વારસો છે. યાદી છે. ને છતાં નવાં મંદિરો અને નવી મૂર્તિઓ ઘડાતાં અટકયાં નથી એ બધું હિન્દુઓને પોતાનો સાચો ધર્મ ધારી લેવાનું બોધે છે.

શિવાજી મહારાજ, રાણા પ્રતાપ અને ગુરુ ગોવિંદસિંહ સમી ધર્મોદ્ધારક ત્રિપુટીનું ઋણ આપણાથી ભૂલ્યું કે અળસાવ્યું પાલવે તેવું નથી. એ ત્રણે મહાનુભાવો પછી અલબત્ત હિન્દુઓએ બ્રહ્મસમાજ, પ્રાર્થનાસમાજ અને આર્યસમાજનાં આંદોલનો વડે થોડી શુદ્ધિ સાધી છે. અને પોતાના રાષ્ટ્રના ગેરવહિવટ સામે કોંગ્રેસ, સનાતન સભા કે હિન્દુમહાસભા આદિ સંગઠિત સમૂહોમાં જોડાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માથું ઊંચકી રહ્યા છે. ગુરુ ગોવિંદસિંહનું સ્થાન પણ એમના સમયના એવા એક બળ સમાન હતું. એવી વિરલ પ્રાણવાન વિભૂતિના સ્મરણ અને અનુસરણ વડે જાતિની ધર્મની રાષ્ટ્રની મહત્તા શ્રેષ્ટતા અને રક્ષા પ્રત્યેની ફરજનું ભાન જાગ્રત રહે છે. તે માટે પ્રેરણા મળે છે; જોઈતું બળ સાંપડે છે.

સત્યની આરાધના એ જ માનવજીવનનો એક માત્ર પવિત્ર હેતુ છે. એ પવિત્રતા કેવળ જીવનનાં આલંબનો મેળવી છૂટ્યે નથી જળવાતી. એને માટે તો એ પવિત્રતાને લોપનારાં આસૂરી તત્ત્વો સામે કામ પાડવું પડે છે. અને જીવનનો અહિંક મોહ છોડવો રહે છે. એનું આવા મહાપુરુષોનાં જીવનો ઉદાહરણ છે. ગુરુ ગોવિંદસિંહ મખમલની શૈયા ઉપર આળોટી ગયા નથી. જામેલી સલ્તનતની તાલીમબાજ અને ફરેબી લશ્કરી તાકાતનો સામનો કરી ગયા છે. ચચ્ચાર મૈદાની લડાઈ લડી ગયા છે. ભૂખ્યાસનાં દુઃસહ કષ્ટો વેઠી ગયા છે. હસ્તે મોઢે સ્વજનો અનુયાયીઓ અરે પુત્રો સુદ્ધાંનાં બલિદાનો સાંખતા રહ્યા છે. અને એમ આપમાન્યાં સત્યનું સમર્થન કરાવી ગયા છે.

જે શ્રદ્ધા અને પ્રેમથી આપણા શીખભાઈઓ એ ધર્મવીરોને માને છે. એમાં થોડી રૂઢ પરંપરાગતતા હશે, ચમત્કારિક માન્યતાઓ હશે. પોતાનાં નાનકડાં વર્તુલમાં પૂરી રાખનારી સંકુચિતતા આવી હશે. વહેમો હશે. પણ તેમના એ રાહબરોની વીરોચિતતાને-કર્તવ્યબદ્ધતાને તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે એના સાચા અર્થમાં પચાવી લીધો છે. તેમાં કોઈ ભેળસેળ નથી. એ લોઢાને હજી કાટ બેઠો નથી. એ દીવો હજી જલતો છે. તેની તો આપણને પણ ખાત્રી છે. એથી તો તેઓ આજની વીરપૂજાને પાત્ર છે.

ધમકી, દબાણ, અને અત્યાચારને મૂંગે મોઢે સાંખી ન લેતાં સત્ય તથા ન્યાયને અર્થે જીવનનો ઉત્સર્ગ કરી લઈ-મરીને જીવવાની શીખ આપતા શીખધર્મનું પરમ હાર્દ છેઃ સત્યનિષ્ઠા. એટલી અંતર ખોજ સાથે જ આપણે અહીંથી જઈશું.*

*

* ભાવનગર ખાતે શીખભાઈઓએ ઉજવેલી 'ગુરુ ગોવિન્દસિંહ જયંતિ' તા. ૧૨-૧-૪૩ વેળા અપાયેલું ભાષણ.

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરકુકડી

[એકાંકી નાટક]

૧૫૦ પાનાં કિંમત દોઢ રૂપિયો

⊕ આ એકાંકી નાટક પહેલી વાર જોવામાં આવ્યું ત્યારથી તે મને આકર્ષી લાગ્યું છે. આપણે ત્યાં આવાં નાટકો ઘણાં ઓછાં લખાય છે. આપણા વ્હજ નાટક સાહિત્યમાં મને આ નવો અને સુંદર અખતરો જણાયો.

(રામનારાયણ વિ. પાઠક)

⊕ આમ પાશ્ચાત્ય જીવનનું વ્યક્તિસ્વાતંત્ર્ય ભોગવવાના અને પૌર્વ જીવનનું ગૃહિણીજીવન ભોગવવાના કોડ ધરાવતી હુર્યાના બજર વ્યક્તિત્વની આકર્ષક વિચિત્રતા એને ગૌરવર્ણનામની કુસુમ, સુંદરી મંજરી અને પ્રસન્ન, રમણલાલની રંજન (દિવ્યચક્ષુ) ને ચુંટી શાહની હેમવતી (રાજહંસ) સાથે ન મૂકે તો કાંઈ નહિ; પણ ગુ સાહિત્યમાં સ્ત્રીપાત્રોમાં હુર્યાનું સ્થાન પ્રથમ પંક્તિમાં તો જરૂર ન છે જ ને વિચિત્રતા પણ એ કબૂલશો.

(તખ્તસિંહ પરમાર)

⊕ " ઘરકુકડી " નાટચગ્રંથ હોતે હુવે બી આપશ્રી આપણે પ્રતાપરો કાવ્ય બન થયા છે. આપશ્રી કૃતિયાં ગુર્જર સાહિત્યકા સ્થાયી સમ્પતિ ગૌરવ ઔર ગર્વકી વસ્તુ હૈ.

(સ્વામી સચ્ચિદાનંદજી સંન્યાસી)

⊕ તમારા નાટકથી મને બીજી બધાલીની શી વાત કરું ? ગુજરાતી આ ઢબથી આ છટાથી આ નિરીક્ષણથી, આ તટસ્થ ભરી હાસ્યદ નાટક લખાતાં વાર તો ગુજરાતીનો જરૂર ભાવ પૂછાતો થાય.

(ઉમાશંકર જો

⊕ મારા એક મિત્ર મુંબઈમાં છે તેમણે મને કહેલું કે " He can undoubtedly called G. B. S. of Gujrati "

મને આ સરખામણીમાં અતિશયોક્તિ બિલકુલ લાગી નહિ. આ નિર્ણય કરી સાથી કદાચ બેાટું લાગી ન જાય તો સારું.

(વજુલાલ દ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar